લાભ શુભ
શુભ ધનતેરસ
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર
# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક
વિશ્વાસ એજ પરંતુ અંદાજ નવો
www.saurashtrabhoomi.com
વર્ષ : ૪૮ અંક : ૨૭૨ જૂનાગઢ તા.૨૯-૧૦-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)
Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 272, Junagadh : Date : 29 October, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay
Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651500 • E-mail : saurashtrabhoomi@gmail.com Website : www.saurashtrabhoomi.com

## કેરળમાં મંદિરમાં ઉત્સવ દરમ્યાન ફટાકડાનાં સ્ટોરેજમાં વિસ્ફોટ : ૧૫૦ ઈજાગ્રસ્ત : ૮ ગંભીર

કોચી તા.૨૯: કેરળના કાસરગોડ સ્થિત એક મંદિરમાં ઉત્સવ દરમિયાન એક મોટી દુર્ઘટના બની હતી. ગત મધરાત્રીએ ફટકડાના સ્ટોરેજમાં વિસ્ફોટ સાથે આગ લાગવાથી લગભગ ૧૫૦ લોકો ઘાયલ થયા છે,જેમાંથી ૮ની હાલત ગંભીર છે.

ઘાયલોને સારવાર માટે હોસપિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ કે કેરળના કાસરગોડ જિલ્લાના નીલેશ્વરમ પાસે એક મંદિરમાં આતશબાજી દરમિયાન આ ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ કે મંદિર પાસે ફટાકડાના સ્ટોરેજમાં આગ લાગી હતી જેના કારણે આ મોટી દુર્ઘટના થઈ હતી. ઘાયલોને સારવાર માટે કાસરગોડ, કન્નુર અને મેંગલુરુની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

ઘટનાની માહિતી મળતાની સાથે જ કલેક્ટરથી મંડીને જિલ્લાના મુખ્ય વહીવટી અધિકારી સુધીના તમામ લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. વીરકાવુ મંદિરમાં વાર્ષિક કાલિયટ્ટમ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી હતી. આ કાર્યક્રમ માટે ફટાકડા લાવવામાં આવ્યા હતા અને તેને સ્ટોરેજમાં રાખવામાં આવ્યા હતા, પરંતુ રાત્રે ૧૨.૩૦વાગ્યાના સુમારે સ્ટોરેજમાં રાખેલા ફટાકડામાં વિસ્ફોટ સાથે આગ ફાટી નીકળી હતી. જેમાં પરફોર્મન્સ જોવા માટે નજીકમાં એકઠા થયેલા મહિલાઓ અને બાળકો સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા.

## રેલ્વે, એરપોર્ટ પર બોંબની ધમકીનો ઈમેલ કરનાર મહારાષ્ટ્રનો ભેજાબાજ શખ્સ ઓળખાયો હોવાનો દાવો

નવી દિલ્હી તા. ૨૯

દેશમાં એરલાઈનની રેલવે સેવાઓ તથા હોટેલો, મંદિરો અને અન્ય મહત્વના સ્થળો પર ત્રાસવાદી હુમલા બોમ્બ-વિસ્ફોટ થવા અંગે સતત મળી રહી ધમકીઓમાં હવે પોલીસે મહારાષ્ટ્રના એક ૩૫ વર્ષના જગદીશ યુકેઈ નામની વ્યકિતની તલાશ શરૂ કરી છે.

મહારાષ્ટ્રના માઓવાદ ગ્રસ્ત ગોંડીઆ જીલ્લાના આ રહેવાસીએ ઈ-મેલ મારફત અનેક ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા હતા જેના કારણે ટ્રેનો તથા અન્ય સ્થળો ભય-અફડાતફડીની સ્થિતિ બની ગઈ હતી.

આ વ્યક્તિએ ત્રાસવાદ સામે એક પુસ્તક પણ લખ્યું છે અને દાવો કર્યો છે કે તેની પાસે એક સિક્રેટ કોડ છે જે પાંચ દિવસમાં ટ્રેન અને રેલવે સુવિધાઓમાં ૩૦ જેટલા વિસ્ફોટ કરી શકે છે. તેના ઈ-મેલ ટ્રેસ થયા બાદ તે અચાનક જ ગુમ થઈ ગયા છે. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા મુજબ આ વ્યક્તિએ અનેક સરકારી એજન્સીઓને આ પ્રકારે મેલ મોકલ્યા છે.

ઉપરાંત વડાપ્રધાન કાર્યાલય, કેન્દ્રીય મંત્રીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એરલાઈન કચેરીમાં રેલવે પ્રોટેકશન ફોર્સનો સમાવેશ થાય છે. તેણે તેના સિક્રેટ ટેરર કાંડ અંગે તેને સાંભળવાની માંગ કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તે ચર્ચા કરવા માંગતો હોય તેવું પણ જણાવ્યું છે.

આ વ્યકિત પાસેથી પાસે ત્રાસવાદી હુમલા અંગે માહિતી હોવાનો દાવો કર્યો હતો. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે તા.૨૧ ઓકટોના તેને મળેલા ઈ-મેલને રેલવેના ડીજીપીને મોકલી આપ્યો હતો જેના પરથી આ ઘટસ્ફોટ થયો છે.

## છેલ્લા ૧૧ વર્ષમાં સોનાનાં ભાવમાં અઢીગણો વધારો

મુંબઈ તા.૨૯

સોના-ચાંદીની ખરીદી માટેનાં પવિત્ર-શુભ એવા આજના ધનતેરસના દિવસે ઉંચા ભાવને કારણે ગ્રાહકોમાં કચવાટ વ્યાપેલો છે છતાં છેલ્લા એક વર્ષનાં ભાવ ચકાસવામાં આવે તો સોના-ચાંદી રોકાણ કરનારા માલામાલ થયા છે સોનામાં ૪૩.૦૫ ટકા તથા ચાંદીમાં ૪૦ ટકાનું જોરદાર રીટર્ન મળ્યુ છે. ચાંદીએ પાછલા તમામ રેકોર્ડ તોડીને સૌથી વધુ કમાણી કરાવી છે.

ચાલુ વર્ષે સોનુ સેન્સેકસ અને નિફટી કરતાં પણ ચાંદીમાં વધુ કમાણી થઈ છે. સેન્સેકસમાં ૯.૯૧ ટકા તથા નીફટીમાં ૧૧.૧૭ ટકાનુ રીટર્ન મળ્યુ છે. સોના-ચાંદીમાં આ વર્ષની કમાણી છેલ્લા સાડા ચાર દાયકાની સૌથી વધુ છે. આ અગાઉ ૨૦૦૭ માં સોનામાં ૩૧ ટકા રીટર્ન મળ્યુ છે. અત્યાર સુધીનાં ઈતિહાસમાં સોનામાં સૌથી વધુ વાર્ષિક રીટર્ન ૧૩૩ ટકા ૧૯૭૯ માં મળ્યુ હતું.


સોનાની જેમ ચાંદીમાં પણ છેલ્લા ૧૦ વર્ષનુ સૌથી વધુ વાર્ષિક રીટર્ન મળ્યુ છે. ચાલુ વર્ષે ચાંદીમાં ૪૦ ટકાનો ભાવ વધારો થઈ ચુકયો છે. ગત વર્ષે સરેરાશ ૨૧.૫૬ ટકાનું રીટર્ન મળ્યુ હતું. ૨૦૨૦ માં ૩૫.૪૯ ટકા રીટર્ન મળ્યુ છે. વર્ષ ૨૦૧૨ પછીનાં ૧૨ પૈકીનાં છ વર્ષોમાં ચાંદીમાં સારૂ એવુ રીટર્ન મળ્યુ હતું. જયારે છ વખત નેગેટીવ રીટર્ન રહ્યું હતું.

મહત્વની વાત એ છે કે છેલ્લા ૧૧ વર્ષમાં સોનાના ભાવ અઢી ગણા થઈ ગયા છે. જાન્યુઆરી ૨૦૧૪ માં સોનાનો ભાવ ૨૯૪૬૨ હતો.તે હાલ ૮૧૦૦૦ છે અર્થાત અઢી ગણુ રીટર્ન છે.

## ધનતેરસનાં દિવસે શેરબજારમાં મંદી

મુંબઈ તા. ૨૯

આજે ધનતેરસના દિવસે એટલે કે ૨૯મી ઓકટોબરે સેન્સેક્સ ૨૫૦ પોઈન્ટથી વધુના ઘટાડા સાથે ૭૯,૭૪૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૬૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તે ૨૪,૨૮૦ ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૪ ઘટી રહ્યા છે અને ૬ વધી રહ્યા છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૫ ઘટી રહ્યા છે અને ૧૫ વધી રહ્યા છે.

B-TEX SINCE 1942
દરાજ, ખરજવું અને ખંજવાળમાં બી-ટેક્સ મલમ થી રાહત મળે

હવે આ મલમ ટ્યુબમાં પણ ઉપલબ્ધ
DIBCO AGENCY, AHMEDABAD. Ph. 079-2214 6440, 2211 4503

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- 1349/-
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

દિવાળીની હાર્દિક શુભેચ્છા....
Twacha Skin & Cosmetic Laser Clinic
ડો. જનક પી. પટેલ
ચામડી તથા ગુપ્તરોગનાં નિષ્ણાંત
(ભુતપૂર્વ સિવીલ હોસ્પિટલ, જૂનાગઢ)
ઉપલબ્ધ સુવિધાઓ

દિપાવલીની હાર્દિક શુભેચ્છા....
Diwali SALE GET UPTO 70% OFF
લેડીઝ-જેન્સ પર્સ | ઓફીસ બેગ | સ્કુલ-કોલેજ બેગ | લેપટોપ બેગ | ટ્રાવેલીંગ બેગ | ટ્રોલી બેગ | ટ્રેકીંગ બેગ | એર બેગ
Authorised Dealer
RAGHUVIR રઘુવીર બેગ્સ
મધુરમ કોમ્પ્લેક્ષ, તળાવ દરવાજા, જૂનાગઢ. મો. ૯૪૨૮૩ ૭૪૫૨૩, ૯૫૧૨૬ ૩૧૧૦૦

શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

JOY e-bike
દિવાળી ધમાકા ઓફર
હવે મેળવો ઇલેક્ટ્રિક સ્કૂટર્સ માત્ર ₹ 66,666* માં

BOOK NOW IN JUST ₹999/-
Exclusive Offer | Free Insurance* | Finance Facility

આધુનિક દાગીનાની સાથે... પરંપરાનો સમન્વય...

FLAT 100% EXCHANGE ON OLD GOLD
Exclusive Gold & Silver Jewellery Showroom...
SHYAMAL JEWELLERS
Chhaya Bazar, Junagadh.
Mo. 91043 91916 / 98242 46748

# આઈઆઈટી ગાંધીનગરમાં પ્રવેશ મેળવી આહિર સમાજની દિકરીએ 'હિર' બતાવ્યું : અભિનંદનની વર્ષા

## પિતા બીએસએનએલમાં અને માતા પોલીટેકનીકમાં પ્રોફેસર એટલે શિક્ષીત માતા-પિતાની પુત્રી 'હિર' એ જીએડવાન્સમાં ઓલઈન્ડીયા રેન્ક ૫૫૪૫ મેળવ્યો



(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા.૨૯

આજનો યુગ ફાસ્ટ યુગ છે અને તેમાં પણ કોઈ ક્ષેત્રમાં કોઈએ પોતાની તેજસ્વીતા દર્શાવી હોય અને પ્રગતિના સોપાન ઉપર કદમ માંડયા હોય ત્યારે આપણે વાત વાતમાં કહેતા હોય છે કે, 'આપણે હિર બતાવ્યું છે' આ કહેવતને સાર્થક કરતી આહિર સમાજની દિકરી 'હિર' એ આઈઆઈટી ગાંધીનગરમાં પ્રવેશ મેળવી પોતાનું 'હિર' દર્શાવતા તેને ઠેર-ઠેરથી અઢળક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. જૂનાગઢનાં સૌરાષ્ટ્રભૂમિ દૈનિક અખબારનાં કોમ્પ્યુટર વિભાગના વડા પ્રકાશ ભાદરકાની ભાણેજ 'હિર આહિર' ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના સૌરાષ્ટ્રભૂમિ પરિવારે પણ પાઠવી છે.

કારકિર્દી માટેનાં વિવિધ અભ્યાસક્રમો આજે ચાલી રહ્યા છે અને તેજસ્વી તારલાઓ આવા અભ્યાસક્રમમાં જોડાય અને પોતાનાં નિર્ધારીત લક્ષ્યાંકને સિધ્ધ કરે છે અને સફળતાની ટોંચ ઉપર પહોંચે છે ત્યારે આહિર સમાજની પુત્રીએ પણ આઈઆઈટીમાં પ્રવેશ મેળવી અને આહિર સમાજનું ગૌરવ વધારેલ છે.

અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં ચાવંડ ગામના અને હાલ અમદાવાદમાં બીએસએનએલમાં ફરજ બજાવતા રિતેષભાઈ દેવાયતભાઈ આહિર તથા પોલીટેકનીક કોલેજ અમદાવાદમાં ફરજ બજાવતાં દક્ષાબેન રિતેશભાઈ આહિરની સુપુત્રી હિર આહિરે ગાંધીનગર આઈઆઈટી ખાતે ઈન્ટ્રીગેટેડ સર્કીટ ડીઝાઈન (સેમી કન્ડકટર) આઈસીડીટી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો છે. અને પરિવાર તથા સમગ્ર આહિર પરિવારનું ગૌરવ વધાર્યુ છે. આઈઆઈટી ગાંધીનગરમાં અત્યાર સુધીમાં આહિર સમાજનાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પરંતુ આહિર સમાજની દિકરીએ પ્રવેશ મેળવ્યો હોય તેવી આ પ્રથમ ઘટના છે. હિર આહિરને શુભકામનાં સાથે અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. અમદાવાદ-ગાંધીનગર આહિર સમાજનાં ખજાનચી પ્રવીણભાઈ ભાદરકાની દોહીત્રી તથા દેવાયતભાઈ આહિરની પૌત્રી હિર ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરી આહિર સમાજનું હિર જળકતું રાખે તેવી આહિર સમાજ દ્વારા શુભકામના પાઠવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભવિષ્યમાં પણ હિર જળકતું રાખે તેવી આહિર સમાજ દ્વારા શુભકામના પાઠવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હિર એ જીએડવાન્સમાં ૫૫૪૫ ઓલઈન્ડીયા રેન્ક પણ મેળવેલ છે. પ્રથમથી જ અભ્યાસમાં હિર સ્કોલર તરીકે અભ્યાસનાં ઉચ્ચતમ શિખરો સર કરતી રહી છે. અને નિર્ધારીત લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની સખત મહેનત અને સખત પરીશ્રમથી ઉજજવળ ભવિષ્યનાં પથ ઉપર પગલા માંડનાર હિરને હિતઈચ્છેશુ તથા શુભેચ્છકો તરફથી અઢળક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# જૂનાગઢની સગીરા ઉપર બળાત્કાર કેસમાં ૧૪ આરોપીઓ સામે ૭૫૦૦ પેજનું ચાર્જશીટ દાખલ કરાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢની ૧૫ વર્ષની એક સગીરા ઉપર રાજકોટમાં અલગ-અલગ હોટેલોમાં ગુજારવામાં આવેલા બળાત્કારના કેસમાં પોલીસે તપાસ પૂર્ણ કરીને ૭૫૦૦ પાનાનું ચાર્જશીટ તૈયાર કરવામાં આવ્યું છે. જૂનાગઢની ૧૫ વર્ષની સગીરા ઉપર પ્રેમીએ દુષ્કર્મ ગુજાર્યા પછી પોતાના મિત્રોને હવાલે કરી દીધી અને કેટલાક શખ્સોએ અને રાજકોટની અમુક હોટેલોના મેનેજરોએ પણ દેહ ચુથ્યા પછી સગીરાને દેહ વ્યાપારના ધંધામાં ધકેલી દીધી હતી. જે કેસમાં જૂનાગઢ પોલીસે ગુન દાખલ કરીને તમામ ૧૪ જેટલા આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ કેસમાં પોલીસે ૧૪ આરોપીઓ અને ભોગ બનનારનું મેડીકલ કરાવી કબ્જે કરેલ નમુનાઓ તાત્કાલીક એફએસએલ જૂનાગઢ તથા ગાંધીનગર ખાતે મોકલાવી જરૂરી સાહેદના નિવેદનો તથા જરૂરી સાંયોગીક પુરાવાઓ મેળવી જરૂરી કેસ કાગળોની નકલો તૈયાર કરાવી કુલ ૭૫૦૦ પાનાનું ચાર્જશીટ તૈયાર કરવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં મોબાઈલ ચોરીના અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ



જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરમાં ગત તા.૨૭-૧૦-૨૦૨૪ ના રોજ પ્રદીપ ટોકીઝ પાસે વીર મેઘમાયા ગેઈટ પાસે ફરિયાદીનો મોબાઈલ પડી ગયેલ અને વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ જેની કિંમત રૂા.૨૩૯૯૯ હતી જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ગયેલ હોય અને જે અંગેની ફરિયાદ નોંધાવતા એ-ડીવીઝન પોલીસે તપાસની કામગીરી હાથ ધરી હતી. આ દરમ્યાન એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળી અને પીએસઆઈ જે.આર. વાજાએ તાત્કાલીક ગુના નિવારણ શાખાના સ્ટાફને આરોપી તથા મુદામાલ શોધી કાઢવા સુચના આપી હતી. દરમ્યાન એવી બાતમી મળી કે, મોબાઈલ ચોરીમાં સંડોવાયેલો અને પ્રદીપના ખાડીયામાં રહેતો કરણ ઉર્ફે પીન્કી બાબુભાઈ સોમાણી ઉ.વ.૨૧, પાસે આ ચોરીમાં ગયેલ મોબાઈલ હોવાની માહિતીના આધારે તપાસ કરતા આ શખ્સને રૂા.૨૩૯૯૯ ની કિંમતના મોબાઈલ સાથે ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ કબ્જે લઈ અને તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દિપાવલીના તહેવારોમાં સાવચેતી અને સજાગતા રાખવા જિલ્લા પોલીસ વડાની અપીલ

## બજારોમાં તહેવારોની ભીડનો લાભ લેવા માંગતા ઈસમોની શંકાસ્પદ હિલચાલ સામે સઘન સાવચેતી : ક્યાંય પણ શંકાસ્પદ બાબત જાણાય તો ૧૦૦ નંબર ઉપર પોલીસને જાણ કરવી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જિલ્લાની જનતાને દિપાવલી અને નુતન વર્ષના તહેવારોની હાર્દિક શુભકામના પાઠવી છે. આ સાથે જ વેપારીઓ અને ગ્રાહકોએ ખૂબ જ સાવચેતી રાખવા અને સજાગતા રાખવા ભારપૂર્વક અપીલ કરી છે. જૂનાગઢ શહેર સૌરાષ્ટ્રમાં દિપાવલી અને નુતન વર્ષના તહેવારોને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એક તરફ બજારોમાં પણ ભારે રોનક આવી છે અને તેજી શરૂ થઈ છે. તહેવારોના આ દિવસોમાં લોકો શાંતિથી ઉજવણી કરી શકે તે માટે જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સઘન બંદોબત ગોઠવવામાં આવ્યો છે. એટલું જ નહીં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. દરમ્યાન તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ અને આનંદથી થઈ શકે તે માટે લોકોએ પણ ખાસ સાવચેતી અને સજાગતા રાખવા પણ જિલ્લા પોલીસ વડાએ અપીલ કરી છે. જૂનાગઢ જિલ્લાના લોકોને અપીલ કરતાં જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું છે કે દીપાવલી અને નુતન વર્ષતા આ તહેવારો ખૂબ જ શાંતિપૂર્ણ રીતે લોકો ઉજવી શકે તે માટેની સઘન વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દિપાવલી અને નુતન વર્ષ તે હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે. વેપારીઓ અને ગ્રાહકોને પણ સજાગતા રાખવાની પણ અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને જો કોઈ પણ વ્યક્તિ આપે એવું લાગે કે તમારા પીછો થઈ રહ્યો છે અથવા તો બજારમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જોવા મળે તો સજાગતા રાખવી આ ઉપરાંત આપની દુકાનની આજુબાજુ કોઈ રેકી કરતા જોવા મળે અથવા તો કોઈ વ્યક્તિ જોવા મળે તો તાત્કાલિક પોલીસ તો સંપર્ક સાધવા આ ઉપરાંત જયારે બેંકમાંથી નાણાં લાવવાના હોય અથવા તો કોઈ કિંમતી વસ્તુની અન્ય જગ્યાએ લઈ જવા ન હોય કે લાવવાના હોય તો પણ એક વ્યક્તિ નહીં પરંતુ બે વ્યક્તિઓએ સાથે જવું જેથી સલામતીને માટે આ વ્યવસ્થા ખૂબ જ સારી રહેશે. વધુમાં એક અન્ય બાબતો ઉપર પણ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ ભાર મૂક્યો હતો કે જો કોઈ આપને છેતરવા માટે પ્રયાસ કરે તો તેને નાકામયાબ બનાવવા ખાસ કરીને તમારી વસ્તુ પડી ગઈ છે અથવા તો તમારી ગાડીમાં પંચર થયું છે. એવી જુદી જુદી બાબતો જણાવી અને અને તમારી પાસે છેતરપીડી કરવા માટે આવે તો તેની સામે ખાસ સાવચેતી રાખવી. આ ઉપરાંત કાંઈ પણ શંકાસ્પદ હિલ ચાલ જણાય તો પોલીસનો સંપર્ક સાધવા અથવા તો ૧૦૦ નંબર ઉપર જાણ કરવી. આપની સલામતી અને સુરક્ષા માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે આમ જનતા, વેપારી વર્ગ અને લોકોએ પણ સહયોગ આપી અને સંપૂર્ણ સાવચેતી રાખવા જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ અપીલ કરી છે અને આ સાથે જ આગામી દિપાવલી અને નુતન વર્ષના તહેવાર તે ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# બાંટવા-નાનડીયા રોડ ઉપર રીક્ષા પલ્ટી ખાતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

બાંટવા નાનડીયા રોડ પર છકડો રીક્ષા પલ્ટી ખાતા રીક્ષામાં બેસેલ કિશોરનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે ગલુભાઈ બચલાભાઈ ભુરીયાએ છકડો રીક્ષા નં જીજે-૮-વી-૦૦૪૨ના ચાલક મુકેશભાઈ બચલાભાઈ ભુરીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી રીક્ષા બેફીકરાઈથી ચલાવી રસ્તામાં આવેલ ખાડામાં નાખતા રીક્ષા પરથી કાબુ ગુમાવી દેતા રીક્ષા પલ્ટી ખાય જતા સાહેદ પરશુભાઈ પરમારને પગમાં ઈજા પહોંચાડેલ જયારે ફરીયાદીના ભત્રીજા રાહુલ ટીનાભાઈ ભુરીયા(ઉ.વ.૧૫)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમ્યાન મોત નિપજયા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી : વેરાવળ ચોપાટીથી ટાવર ચોક સુધી 'રન ફોર યુનિટી' અંતર્ગત એકતા દોડ યોજાઈ






કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા સહિતના અધિકારીઓ સહભાગી થયા

(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ તા.૨૯

દેશના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે આજે વેરાવળ ચોપાટીથી ટાવર ચોક સુધી 'રન ફોર યુનિટી' કાર્યક્રમ અંતર્ગત એક્તા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડમાં જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, પોલીસવડા મનોહરસિંહ જાડેજા, અધિક જિલ્લા કલેક્ટર રાજેશ આલ સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતાં. ગીર સોમનાથ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજિત સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ આ અવસરે જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ એક્તા દોડનું આયોજન વેરાવળ ચોપાટીથી ટાવર ચોક, ડો.બાબાસાહેબ આંબેડકર પાર્ક સુધી કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે સોમનાથ જિલ્લાના નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રની એકતા અને અંખડિતતા માટે આપણાથી જે પણ થાય તે પ્રદાન કરવું જોઈએ, દેશથી આપણું અસ્તિત્વ છે. દેશને એક અને અખંડ બનાવવામાં સરદાર પટેલ સાહેબનો અનન્ય પ્રદાન રહ્યું છે ત્યારે તેમની જન્મ જયંતિના અવસરે તેમના આ પ્રદાનને યાદ કરવા અને એમને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે રાજયભરમાં એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ રન ફોર યુનિટી અંતર્ગત એકતા દોડમાં વેરાવળ પ્રાંત અધિકારી વિનોદ જોષી, નાયબ કલેક્ટર ભૂમિકા વાટલિયા, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર, માર્ગ એન્ડ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ મકવાણા, અંકિત ભદોરિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અરૂણ રોય, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વેરાવળવાસીઓ જોડાયા હતાં.

# જૂનાગઢમાં રહેણાક વિસ્તારમાં રાત્રીના સમયે ચડી આવતા દિપડાને પકડવા પાંજરૂ મુકવા માંગ

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ મહાનગર પાલિકાના માજી કોર્પોરેટર વહાબભાઈ કુરેશીએ નાયબ વન સંરક્ષકશ્રીને એક પત્ર પાઠવી અને રહેણાંક વિસ્તારમાં અવાર-નવાર હિંસક દિપડો આવી જતો હોય, જેથી કોઈ દુર્ઘટના બને તે પહેલા તેને ઝડપી લેવાની પત્ર લખી માંગ કરી છે. આ પત્રમાં રજુઆત કરતા જણાવેલ છે કે, ત્રીવેણી નદી, જમાલવાડી, બારા સૈયદ કબ્રસ્તાન, મેમણનું કબ્રસ્તાન વગેરે વિસ્તાર જે રહેણાંક છે તેમાં અવાર નવાર રાત્રીના સમયે દિપડો આવે છે. આ દિપડો કોઈને નુકશાન પહોંચાડે તે પહેલા ત્યાં પાંજરૂ રાખી અને દિપડાને પકડી લેવા માટેની વ્યવસ્થા કરવા પત્રના અંતે માંગણી કરી છે.

# સોમનાથના તાતીવેલા ગામના માજી દિવાળીના દિવસોમાં પોતાની ઓરડીને જાતે ગાર લીપણ કરે છે





(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૯

સોમનાથ પ્રભાસ પાટણ તાલુકાના તાતીવેલા ગામના ૮૦થી પણ મોટી ઉમરના માજી લાખીબેન ભગાભાઈ બારૈયા આજેય કડેધડે છે. દિવાળીના દિવસોમાં ઓરડી કે રૂમની સફાઈ રંગરોગાન માટે માણસો કારીગરો બોલાવે ત્યારે આ માજી આ ઉંમરે પણ જાતે ગાયનું છાણ, માટી અને ભુસું મેળવી પોતાની ઓરડીને ગાર લીપણ કરી દિવાળી માટે ઘર સુશોભન જાતે કરે છે. આખીયે દિવાલને ગારથી લીપી પ્રાચીન સંસ્કૃતિ જતન સાથે પોતાની મહેનતકશતા દાખવી સૌને પ્રેરણા આપે છે.

# બુધવારે તથા ગુરૂવારે કાળી ચૌદશનું મહત્વ પૂજન અને નૈવેદ્ય ક્યારે કરવા તેની માહિતી

કાળી ચૌદશ એટલે ભગવાન પાસેથી રક્ષા મેળવવાનો દિવસ. આસો વદ તેરસને બુધવારે તા.૩૦-૧૦-૨૪ બપોરે ૧:૧૬ વાગ્યા સુધી તેરસ તિથિ છે . ત્યાર બાદ ચૌદશ તિથિનો પ્રારંભ થાય છે ખાસ કરીને કાળી ચૌદસમાં સાંજના સમયનું તથા રાત્રિના સમયનું મહત્વ વધારે છે આથી બુધવારે બપોરથી કાળી ચૌદશ છે. કાળી ચૌદશનું બીજું નામ નરક ચતુર્દશી પણ છે. કાળી ચૌદશને રૂપચૌદશ પણ કહે છે. આ દિવસે ભગવાન કૃષ્ણએ નરકાસુર નામના અસુરનો વધ કરીને પ્રજાજનોને તેના ત્રાસમાંથી ઉગાર્યા હતા, જેથી કરીને તેનું નામ નરક ચતુર્દશી પડેલું છે અને આ દિવસને નાની દિવાળી પણ કહેવામાં આવે છે તે ઉપરાંત આ દિવસ ને રૂપચતુર્દશી પણ કહેવામાં આવે છે. કાળી ચૌદશના દિવસે અભ્યંગ સ્નાન ગુરુવારે સવારે નિત્ય કર્મ કરી તલનું તેલ શરીરે ચોપડી ત્યારબાદ સ્નાન કરવાની અભ્યગ સ્નાન કહેવાય છે આનાથી આરોગ્ય સારું રહે છે, ત્યારબાદ પિતૃતર્પણ કરી શકાય, કાળી ચૌદશના દિવસે દરેક તેલમાં મહાલક્ષ્મીનો વાસ હોય છે અને જળમાં ગંગાજીનો વાસ હોય છે . આથી તેલ ચોપડી સ્નાન કરી અને તર્પણ કરવાથી પિતૃઓના આશિર્વાદ મળે છે અને આરોગ્ય પણ સારૂ રહે છે.

**કાળી ચૌદસના નિવેદ કયા સમયે કરવા તેની જાણકારી**

કાળી ચૌદશ તિથી ની શરૂઆત બુધવારે બપોરના ૧:૧૬થી થશે જે ગુરૂવારે બપોરના ૩.૫૩ સુધી ચાલશે. આથી કાળી ચૌદશના નૈવેદ્યનું મહત્વ આ રીતના રહેશે. કાળી ચૌદશના દિવસે સુરાપુરા અને કુળદેવીને નૈવેદ્ય ધરાવાનું પણ મહત્વ છે. જે લોકોને સાંજ રાત્રીના નૈવેદ્ય થતા હોય તેઓએ બુધવારે સાંજ રાત્રીના નૈવેદ્ય કરવા અને જે લોકોને બપોરના નૈવેદ્ય થતા હોય તેઓએ ગુરૂવારના બપોરના નૈવેદ્ય કરવા ઉત્તમ રહેશે. કાળી ચૌદસના રાત્રે વડા બનાવવા નો રિવાજ છે અને ખાસ કરીને તળેલી વસ્તુઓ બનાવીને ખાવામાં આવે છે. એમ માનવામા આવે છે કે જેટલું તેલ બળે તેટલો કકળાટ ટળે એવી માન્યતા છે. રાત્રે બહેનો કાણા પાડેલ અડદના વડા અને પુરી બનાવી અને ચાર ચોકે મૂકવા જાય છે એમ માનવામાં આવે છે કે આમ કરવાથી ઘરમાંથી કકળાટ ચાલ્યો જાય છે અને ઘરમાં શાંતિ રહે છે. કાળી ચૌદશના દિવસે કરેલ મંત્ર ઉપાસના જલદી સિદ્ધ થાય છે. કાળી ચૌદશના દિવસે હનુમાન ચાલીસાના ૧૧ અથવા ૨૧ પાઠ કરવા અને હનુમાનજી દાદાને તેલ સિંદૂર અને અડદ ચડાવવા જીવનમાં રાહત મળશે અથવા તો સુન્દરકાંડના પાઠ કરવા જોઈએ તે ઉપરાંત કાલ ભૈરવ ઉપાસના બગલામુખી ઉપાસના કરવી ઉત્તમ છે. કાળી ચૌદસની રાત્રી સમયે તાંત્રિક લોકો તંત્ર ઉપાસના કરતા હોય છે અને સિદ્ધિ મેળવતા હોય છે જોકે પુરાણો પ્રમાણે સાત્વિક ઉપાસના જ સૌથી વધારે શ્રેષ્ઠ ગણેલ છે. બુધવારે કાળી ચૌદસના સાંજના સમયે ઘરમાં પૂજા મંદિર રાખેલ હોય ત્યાં પાસે યમદેવના ફૂલવાટ બનાવી અને ૧૪ તેલ દીવા કરવા તલનું તેલ હોય તો વધારે સારૂ રહેશે. દીવામાં બીજુ પણ શુદ્ધ તેલ ચાલે પ્રાર્થના કરવી અમારા પરિવારજનોને અને મને યમ યાતનાના મળે આમ કરવાથી યમ યાતના મળતી નથી અને રક્ષા પણ થાય છે અને આરોગ્ય પણ સારૂ રહે છે. મકર, કુંભ, મીન રાશીના લોકોને સાડા સાતી ચાલી રહી છે. તેમણે હનુમાનજીની ઉપાસના કરવી જેનાથી પનોતીમાં રાહત મળશે. તે ઉપરાંત બુધવાર રાહુ ગ્રહની ઉપાસનાનો વાર છે અને બુધવારે કાળી ચૌદસ હોવાથી મેષ રાશિના જાતકોને બારમે રાહુ ચાલી રહ્યો છે. આથી બુધવારે કાળી ચૌદસના દિવસે રાહુના જપ કરવા મહાદેવજીની ઉપાસના કરવી રાહુ પીડામાંથી શાંતિ આપશે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

# FY'25ના બીજા ત્રિમાસિકમાં અંબુજા સિમેન્ટ્સે સ્થિર પ્રદર્શન જાળવી રાખ્યું

**વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૯% વૃધ્ધિ સાથે ૧૪.૨ મિલિયન ટનઃ છેલ્લા પાંચ વર્ષની બીજા ક્વાર્ટરની શ્રેણીમાં સૌથી વધુ વોલ્યુમ : વાર્ષિક ધોરણે ત્રિમાસિક આવક ૧% વધીને રુ.૭,૫૧૬ કરોડઃ ઓપરેટિંગ EBITDA રુ.૧,૧૧૧, મેટ્રિક ટન દીઠ Rs ૭૮૦, સાથી વ્યવસાયોમાં સૌથી વધુ ૧ EBITDA માર્જિન ૪.૮%ઃ રોકડ અને રોકડ સમકક્ષ રૂા.૧૦,૧૩૫ કરોડઃ નેટ વર્થ વધીને રૂા. ૫૯,૯૧૬ કરોડ**

(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૨૯

ભારતની સૌથી મોટી સિમેન્ટ અને બાંધકામ સામગ્રીઓની કંપનીમાંની એક અને વૈવિધ્યસભર અદાણી જૂથના એક અંગ બનેલી સૌથી વિશ્વસનીય લેગસી સિમેન્ટ બ્રાન્ડ અંબુજા સિમેન્ટ્સે નાણાકીય વર્ષ'૨૫ ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધ-વાર્ષિક સમયગાળા દરમિયાન નાણાકીય સ્થિરતા જાળવી રાખી હોવાની આજે નાણાકીય કામગીરીની આજે જાહેરાત કરી છે. કંપનીના આ પ્રદર્શનમાં વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૯% વૃધ્ધિ સાથે ૧૪.૨ મિલિયન ટન થયું છે. છેલ્લા પાંચ વર્ષની બીજા ક્વાર્ટરની શ્રેણીમાં આ સૌથી વધુ વોલ્યુમ છે. વાર્ષિક ધોરણે ત્રિમાસિક આવક ૧% વધીને રુ.૭,૫૧૬ કરોડ થઈ છે.જ્યારે ઓપરેટિંગ EBITDA રુ.૧,૧૧૧, મેટ્રિક ટન દીઠ ઈજ ૭૮૦, સાથી વ્યવસાયોમાં સૌથી વધુ ૧ EBITDA માર્જિન ૪.૮%ઃ રોકડ અને રોકડ સમકક્ષ રુ.૧૦,૧૩૫ કરોડ નોંધાવી છે.ઃ કંપનીની નેટ વર્થ વધીને રુ. ૫૯,૯૧૬ કરોડે પહોંચી છે. આ તમામ હકારાત્મક પરિબળો ઉપરાંત સ્વસ્થ વોલ્યુમ વૃદ્ધિ, કામગીરીના વધતા વ્યાપ, હસ્તગત કરેલ અસ્કયામતોનું મૂલ્ય નિષ્કર્ષણ, ખર્ચાઓ સંબંધી કામગીરી માટે સક્ષમ નેતૃત્વ, કામકાજની કાર્યક્ષમતામાં સુધારો અને જૂથ સમન્વયના મજબૂત ટેકાથી નાણાકીય સ્થિરતા જાળવવામાં આવી છે.

અંબુજા સિમેન્ટસના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સી.ઈ.ઓ. શ્રીઅજય કપૂરે જણાવ્યું હતું કે અમારી વૃદ્ધિની બ્લુપ્રિન્ટ સાથે જોડાયેલા કાર્યક્ષમતામાં નવા કિર્તીમાન સ્થાપવા માટે સંરેખિત અન્ય પરિબળો સાથે સતત પ્રદર્શન જાળવી રાખવાનો આનંદ છે. ઓરિએન્ટ સિમેન્ટના રૂ. ૮,૧૦૦ કરોડના ઈક્વિટી મૂલ્ય પર ૪૬.૮% શેરના સંપાદનના સફળ સોદા બાદ અમે આ નાણાકીય વર્ષના અંત સુધીમાં ૧૦૦ MTPA ક્ષમતા હાંસલ કરવા માટે સજ્જ છીએ.

IRENA (ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી)ની પહેલ એલાયન્સ ફોર ઈન્ડસ્ટ્રી ડેકાર્બોનાઈઝેશન (AFID)માં જોડાનાર અંબુજા સિમેન્ટ્સ વિશ્વની પ્રથમ સિમેન્ટ કંપની બની છે. મેટ્રિક ટન દીઠ ઓપરેટિંગ કોસ્ટ રૂ. ૪,૪૯૭ જે વાર્ષિકધોરણે ગણતા મેટ્રિક ટન દીઠ ૪% લેખે રૂ. ૧૮૪ નો સુધારો દર્શાવે છે. ત્રિમાસિકમાં EPS રૂ. ૧.૮૫ રહ્યો હતો.

તેમણે ઉમેર્યુ હતું કે ઈકોનોમિકસ ટાઈમ્સ દ્વારા અંબુજાને 'ભારતની આઈકોનિક બ્રાન્ડ્સ ૨૦૨૪'માં માન્ય ગણવામાં આવી છે.

### ધન તેરસ આયુર્વેદ ભગવાન ધનવંતરીનો જન્મ દિવસ

# સોમનાથ મહાદેવ સાનિધ્યે માળીયા હાટીનાના મોટી ધણેજ પાસે બિરાજમાન છે ધનવંતરી આશ્રમ

(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૯

આસો વદ તેરસના પરમ પવિત્ર દિવસે આયુર્વેદના ભગવાન ધનવંતરી દેવનું અમૃત કળશ સાથે પૃથ્વી લોક ઉપર અવતરણ થયેલ હતું. યુગાવતાર આ મહાન દેવતાનું તિર્થ સોમનાથ મહાદેવના મંદિરથી આશરે ૩પ કિલોમીટર દુર જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના મોટી ધણેજ ગામે મંદિર આવેલું છે. એક કથા મુજબ ધનવંતરી દેવે કાશી છોડયા બાદ માળીયા હાટીનાના મોટી ધણેજ ગામે આયુર્વેદના જ્ઞાનથી લોકોની સેવા-સુશ્રુશા કરવા લાગેલ અને આ આશ્રમમાં તે સમયમાં અષ્ટાંગ આયુર્વેદનું જ્ઞાન આપી ગામે ગામ આરોગ્યનો પ્રચાર-પ્રસાર કરાવેલ હતો. હાલ પણ આ સ્થળે ધનવંતરી



ભગવાનની સમાધિ આવેલ છે. ધનતેરસના દિવસે આ સ્થળે જપ- આ વરસે ધનવંતરી મહાયાગ યોજાવાનો છે જેમાં જાણીતા વૈધરાજો પાંચાભાઈ સહીત ભારતભરના વૈદ્યો-સેવકો, દર્શનાર્થીઓ યજ્ઞમાં ભાગ લેશે. યજ્ઞના આચાર્ય તરીકે સાંદિપની આશ્રમના ડો.હિતેશ પાઠક, કાશીના ડો.વિશાલ મહેતા અને વેદાચાર્યો યજ્ઞમાં જોડાશે. યજ્ઞ પૂર્ણાહુતી બાદ સંધ્યા ઉપાસના પુસ્તકનું વિમોચન, મહાપ્રસાદ, સ્મૃતિ ચિન્હ પ્રસાદી સહિતના કાર્યક્રમો યોજાયેલ છે. મંદિરના પટાંગણમાં શિવજી અને હનુમાનજીના મંદિર છે તથા ઐતિહાસિક પૌરાણીક અજાયબીસમાન સફેદ વડ વૃક્ષ આવેલ છે. કે જેના પાંદડા નીચે લીલા અને ઉપર સફેદ રંગના છે. મંદિર પરીસરમાં મુકતેશશ્વર મહાદેવનું અતિ ભવ્ય પૂર્વાભિમુખ શિવ મંદિર આવેલું છે અને બાજુમાં કશ્યપ નદીનો ઘાટ છે જેના ૧પ પગથીયા છે.

### શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિના

# સફળ અધિકારીઓ-કર્મચારીઓનો સ્નેહમિલન સમારોહ યોજાશે

**૧૦ નવેમ્બરના રોજ શ્રી ખોડલધામ મંદિરે ભવ્યાતિ ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- રાજકોટ દ્વારા વર્ષોથી સર્વ સમાજના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે ચાલી રહ્યા છે. જેમાં યુપીએસસી, જીપીએસસી, ઉપરાંત વર્ગ ૧, ૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોમાંથી તાલીમ લઈને અનેક યુવાનો વિવિધ સરકારી વિભાગમાં પ્રતિષ્ઠિત જગ્યા પર ફરજ બજાવી રહ્યા છે. સંસ્થામાંથી તાલીમ મેળવીને સરકારી નોકરી મેળવનારા તમામ તેજસ્વી યુવાનોનો સ્નેહમિલન સમારોહનું આયોજન આગામી તારીખ ૧૦ નવેમ્બરને રવિવારના રોજ શ્રી ખોડલધામ મંદિર-કાગવડ મુકામે કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં તારીખ ૧૦ નવેમ્બર ને રવિવારે સવારે ૧૦-૩૦થી ૧૨-૩૦ સુધી શ્રી ખોડલધામ મંદિરે યોજાનાર તેજસ્વિતા સ્નેહમિલન સમારોહમાં સંસ્થામાંથી તાલીમ લઈને વિવિધ સરકારી વિભાગમાં હાલ ફરજ બજાવતા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ દ્વારા વિવિધ પ પ્રકલ્પો શરૂ કરવામાં આવશે. જેમાં'શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ન્યૂઝ લેટર' નામના ત્રિમાસિક ન્યૂઝ લેટરનું વિમોચન કરવામાં આવશે. સાથે જ ગાંધીનગર ખાતે શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા શરૂ થનાર રિડીંગ રૂમનો પણ પ્રારંભ કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતમાં સૌપ્રથમ વખત જીપીએસસીની અંગ્રેજી માધ્યમની ઓનલાઈન બેચનો પણ પ્રારંભ કરવામાં આવશે. જુનિયર યુપીએસસી બેચનો પણ પ્રારંભ કરાશે અને ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રાજકોટમાં **IIT/ NEET**ની તૈયારી કરાવવા માટેની બેચનો પણ પ્રારંભ કરવામાં આવશે.



આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈ, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા , રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ ઝાંઝરીયા અને રાજકોટ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ સહિતના મહેમાનો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથના ટ્રસ્ટીઓ, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના કન્વીનરો અને તેમની સંગઠન ટીમ, વિવિધ સમિતિઓના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો હાજરી આપશે. હાલ આ કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

### વાદ-વિવાદ, શાંતિ ડહોળાય નહિ તે માટે કાળી ચૌદશના કાર્યક્રમો બંધ જાહેરાત

# રાજકોટ સ્મશાનમાં કાળી ચૌદશ સામે જાગૃતિ કાર્યક્રમ બંધની જાહેરાત કરતું જાથા

અમદાવાદ, તા.૨૯

તાજેતરમાં રાજકોટથી નજીક આવેલ પારડી વિજ કચેરીમાં કામકાજના દિવસે સમયે સત્યનારાયણ કથાનું આયોજન હોય, વિજકર્મીની માહિતીના આધારે વિજ્ઞાન જાથાની ટીમ રૂબરૂ પહોંચતા અને સરકારી કચેરીમાં આ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો ગોઠવી શકાય નહિ તેવી વાત કરતા ડે. ઈજનેરે સ્વેચ્છાએ નિર્ણય કરી કથાનું આયોજન બંધનો નિર્ણય કર્યો હતો. તેવી હકિકત જાણવા છતાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ટ્રસ્ટીએ વિવાદ ઉભો કરતા કાળીચૌદશના તમામ કાર્યક્રમો પડતા મુકી બંધની જાહેરાત કરવામાં આવે છે. ત્યૌહારમાં લોકોમાં અસંમજસ ઉભો ન થાય તે માટે નિર્ણય કરવામાં આવ્યો છે.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે છેલ્લા ૩૩ વર્ષમાં ૪ ચાર વખત મારા ઉપર માત્ર ને માત્ર અમુક બ્રહ્મસમાજના આગેવાનો પ્રેરિત હુમલા થયા હતા. વર્ષ ૨૦૧૮ માં બ્રહ્મનેતાના ઈશારે હુમલો કરી જયંત પંડયાનો હાથ ભાંગી નાખ્યો હતો. જેની ફરિયાદ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં હોય આજ દિન સુધી હુમલો કરનાર આરોપીઓ પકડાયા નથી તે કડવી વાસ્તવિકતા છે. દેશની એકપણ જ્ઞાતિએ મારા ઉપર હુમલો કે ઉગ્ર વિરોધ કર્યો નથી. પોતાના સમાજમાં એકપણ સાચુ કામ ન કરનાર પ્રસિદ્ધિખોર જાથાનો વિરોધ કરી પોતાના તરફ ધ્યાન ખેંચવાનો નિમ્ન પ્રયાસ કરે છે. વિરોધ કરનાર અને જયંત પંડયાને સર્વ સમાજ ઓળખે છે. જાથા મીશનથી સતત કામ કરે છે. જાથા ઉપર એકપણ કેસ નથી. જાથાના કાર્યકારો સ્વાર્થ, લાભ વગર જનજાગૃતિમાં કામ કરે છે. આડકતરો કદી લાભ લીધો નથી. 'જાથા' માં માત્ર મનુષ્ય-માણસની ઓળખ છે. કયારેય જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદને સ્થાન નથી. આજ દિન સુધી રૂપિયા એકસો, પ્રલોભન કે એકપણ પ્રકરણમાં ઢાંકપિછોડ કર્યો હોય તેવો દાખલો કે નામ આપી શકતું નથી. ટીમના સદસ્યો ઉપર પણ કદી આરોપ પણ થયો નથી. દેશના અધિકારીઓ, આગેવાનો, લોકો જાથાને આદરથી જોવે છે અને મદદ કરે છે તે જાથાની સિધ્ધિ છે. સરકારી તંત્ર હંમેશા જાથાને મદદ કરે છે. ખોટા કેઈસો, આરોપો, આક્ષેપો કાયમ હવામાં ઓગળી ગયા છે. લોકો જાથાના કાર્યક્રમોને સન્માનથી જોવે છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે પારડી વિજ કચેરીમાં લોકોના પ્રશ્નો ઉકેલવાને બદલે ધાર્મિક કથા યોજાય તેનો સદૈવ જાથા વિરોધ કરે છે. સરકારી કર્મચારીઓ માટે કાયદા—બંધારણમાં આકરા નિયમો છે. રાજકીય પક્ષો, હોદ્દેદારો કે રાજકીય આગેવાનો ધાર્મિક આયોજન કરે તેના કોઈ નિયમો ભારતમાં નથી. રાજય-દેશમાં સતાધિશોએ બંધારણના આર્ટીકલ- ૫૧એ (એચ) વૈજ્ઞાનિક મિજાજ કેળવવાનું સ્તુત્ય પગલું ભરવું જોઈએ. આવી બાબતોનું અનુકરણ ન કરે તો રાજય-દેશના લોકોની નૈતિક ફરજ છે. રાજય-કેન્દ્ર સરકાર બહુમતથી કોઈપણ કાયદો બનાવી અમલ કરાવી શકે છે. જાથા સમાજનું અંગ હોય તે પ્રમાણે કાર્યક્રમો આપે છે. જાથામાં રાગ-દ્વેષ, ઈર્ષાને સ્થાન નથી. બહુધા સમાજ કામગીરીની પ્રશંસા કરે છે. માનવ ધર્મ-રાષ્ટ્ર ધર્મને વરેલી સંસ્થા છે.

જાથાના પંડયા જણાવે છે કે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ટ્રસ્ટીએ પારડી કથાના આયોજન બંધનો નિર્ણય ડે. ઈજનરે લીધો છે તેમ છતાં દોષનો ટોપલો જાથા ઉપર નાખી ગંભીર ભૂલ કરી છે. વીજ કચેરીમાં લોકોના કામ થાય કે ન થાય, ધક્કા થાય, નિયમોનો કર્મચારી ઉલાળીયો કરે તેમાં કહેવાતા બ્રહ્મ આગેવાનને દોષ દેખાતો નથી. સત્યનારાયણ કથા બંધ કેમ કરાવી ? તેનો ખોટો આક્ષેપ કરી હિન માનસિકતાનું પ્રદર્શનને વખોડવામાં આવે છે. ટ્રસ્ટીએ પોતાના સમાજની આજીવિકાને બદલે દેશ હિતનું વિચારવું જોઈએ.

અંતમા બુધવાર તા. ૩૦ મી ની કાળી ચૌદશના તમામ જનજાગૃતિ, કુરિવાજો, ગેરમાન્યતા દૂર કરવાના જાથાના કાર્યક્રમો પડતાની સાથે બંધની જાહેરાત કરવામાં આવે છે. લોકોએ સ્વયં જાગૃતિ મુજબ અનુકરણ કરવા હૃદયપૂર્વક અપીલ કરવામાં આવે છે.

# નોબલ પેરેડાઈઝને મળ્યો બેસ્ટ રેસીડેન્શિયલ પ્રોજેક્ટ એવોર્ડ

**આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરનાર નોબલ બિલ્ડર્સ જૂનાગઢની એકમાત્ર રિયલ એસ્ટેટ કંપની છે**



જૂનાગઢ, તા.૨૯

નોબલ બિલ્ડર્સ છેલ્લાં ૩પ વર્ષથી બાંધકામ ક્ષેત્રે અગ્રેસર રહેનારી જૂનાગઢની એકમાત્ર રિયલ એસ્ટેટ કંપની છે. રેસીડેન્શિયલ તેમજ કોમર્શિયલ પ્રોજેકટ અંગે જીણવટપૂર્વક કામગીરી નોબલ બિલ્ડર્સની વિશેષતા રહી છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારનાં સંયુક્ત ઉપક્રમે ન્યુઝ કેપિટલ ગુજરાત તેમજ ક્રેડાઈ ગુજરાત દ્વારા રાજકોટ ખાતે યોજાયો હતો **Builder Of The Nation Conclave & Awards 2024**. આ તકે અનેક ખ્યાતનામ રિયલ એસ્ટેટ કંપનીઓ જોડાઈ હતી.

આ સત્કાર સમારંભમાં સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાંથી બેસ્ટ **Residential Project Award** નોબલ પેરેડાઈઝને એનાયત કરી સન્માન કરાયું છે. નોબલ પેરેડાઈઝ રાયજીનગરમાં તૈયાર થઈ રહેલા **3-4BHK** ધરાવતાં ફ્લેટ્સ છે કે જે રાયજીનગરમાં તૈયાર થઈ રહેલા એકમાત્ર **3BHK** અધતન ફ્લેટ્સ છે. નોબલ બિલ્ડર્સ આ એવોર્ડ જીતનારી શહેરની એકમાત્ર રિયલ એસ્ટેટ કંપની છે, સમગ્ર જૂનાગઢ આ તકે ગૌરવ અનુભવે છે.

# વિસાવદરમાં નેત્રયજ્ઞ, શ્રદ્ધાંજલિ અને આર્મી મેનને સન્માનનો ત્રિવીધ કાર્યક્રમ યોજાયો

(વિનુ પુરોહતી દ્વારા)

વિસાવદર, તા.૨૯

સેવા અને સામાજિક ઉત્થાન તથા ધાર્મિક કાર્યો કરતી સંસ્થા વિસાવદર આર્યસમાજ દ્વારા યોજાયેલા ત્રિવિધ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરતા દેવમણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસરઅશ્વિનભાઈ નિરંજની એ કહ્યું કે આપણા ધાર્મિક ગ્રંથોમાં સેવાનું અનેરૂ મહત્વ છે તે પૈકીનું એક રામાયણનું પાત્ર છે. હનુમનત્વ એટલે કે હનુમાનજી જે ઔષધ અને સેવાના માધ્યમથી રામાયણમાં? તેમનું વિશેષ સ્થાન છે એવી જ રીતે અહીં જે



માનવસેવા થાય છે તે ખરેખર વંદનીય છે અને હું પણ આ સેવા યજ્ઞમાં સહભાગી થવા માટે મારા પુત્ર ડોક્ટર આદિત્ય નિરંજની અને ડોક્ટર દર્શના રામાનુજ અમૃત દવાખાનુ તરફથી અમારે લાયક સેવામાં અવશ્ય સહભાગી થઈને આ સેવામાં સદાય સાથે રહીશું તેવી ખાત્રી આપેલ હતી , અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત શ્રી સી.એમ. માલવીયાએ કહ્યું કે વર્તમાન સમયમાં ઈકો સિસ્ટમ અનબેલેન્સ થઈ ગયેલ છે તેનું પરિણામ આપણે બધી જ ઋતુઓમાં ભોગવીએ છીએ તો આપણે પર્યાવરણની જાળવણીની સાથે સાથે અર્થ ઉપાર્જન ને પણ આદર્શ ખેતીમાં સ્થાન આપીયે અને બાગાયત જેવી ખેતી કરીને પર્યાવરણની જાળવણી કરીએ તો તે પણ એ એક સેવા નુજ કામ છે . ભારતનું રતન અને દાનવીર રતન ટાટાનું અવસાન થતાં તેમને બે મિનિટના મૌન સાથે શાંતિ પાઠ સહ શ્રદ્ધા સુમન અર્પણ કરેલ હતી. વિસાવદરના કર્મઠ આર્મીમેન હર્ષ પરમાર તાલીમ લઈને આર્મીમાં પસંદગી થયેલ તેને પણ સન્માનિત કરતા વિસાવદર પોલીસ સ્ટેશનના એ. એસ.આઈ. દિનેશભાઈ છાછીયા એ કહ્યું કે સામાજિક અને ધાર્મિક વાતાવરણમાં જ રાષ્ટ્ર સેવા ઉજાગર થાય છે અને છેલ્લે વિનામૂલ્યે યોજાયેલા નેત્ર યજ્ઞમાં ૮૦ દર્દીઓની ઓ.પી.ડી.થયેલ અને ૨૪ દર્દીઓને ફેકો મશીનથી લેન્સ મૂકી દવા ભોજન સાથે રાજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રષ્ટિ જગદીશભાઈ નિમાવત, કાર્યકર કિશોરભાઈ રીબડીયા, પી.ટી. વૈષ્ણનવ , જીતુપરી ભોલેનાથ, મણીભાઈ રીબડીયા તથા અંબુજા ફાઉન્ડેશનની ટીમ સેવારત્ત રહેલ હતી તેમ હાર્દિકભાઈ વિઠલાણીની યાદી જણાવે છે.

# સોમનાથમાં દિવાળીની સંધ્યાએ નાના બાલક, બાલિકાઓમાં મીની મશાલસમા મહેર-મેરાયુની પ્રાચિન પરંપરા

(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૯

સોમનાથ દાદાની નગરી પ્રભાસ પાટણમાં આદિવરસોથી દિવાળીની સંધ્યાએ નાના બાલક, બાલિકાઓ મીની મશાલ જેવા મહેર-મેરાયું જયોત સાથે શેરી-ઘર અને બજારમાં ઘુમી પ્રાચીન પરંપરા નિભાવે છે.

પ્રભાસના વેપારી પ્રકાશ ગઢીયા કહે છે કે, દિવાળીની બપોરથી જ બાળકો બજારમાંથી દોઢક ફુટ લાંબો શેરડીનો કટકો ખરી દે છે અને એ કટામાં અડધો ચીરી તેના બે બાજુ ફાડા કરાય છે. સમજવા માટે જાણયે તો ભરેલા શાક મો આપણે જેમ રીંગણા, બટેટાના ચીરા કરીયે છીએ તેમ પછી આ ફાડા વચ્ચે નાની કુલડી કે કોડીયું મુકવામાં આવે છે અને આ સમગ્ર કોડીયા સાહીતાના શેરડી ફાડાઓને નાડા છડીથી વીટી કોડીયું ન પડે તેવી મજબુત વ્યવસ્થા કરાય છે. પછી તે કોડીયામાં કપાસીયા, તેલવાળી રૂની વાટ નાખી જયોત પ્રગટાવી બાળકો સંધ્યા સમયે શેરીએ, શેરીએ, ઘેરે ઘેરે અને બજારોમાં ફરે છે. સ્થળ કે ઘર જયાં જયાં જાય ત્યાં બધાય બાળકો હોંશે હોંશે ગાય કે મહેર મહેર રાજા કે દિવાળીના દોકડા ઝાઝા, તાવડી દુજે, ઘેર મેરાયામાં તેલ પુરજો તેલ. કોઈ આ સમુહને રોકડા પૈસા આપે તો કોઈ મેરાયામાં તેલ પુરે તો કોઈ કપાસીયા નાખે. આમ આ પરંપરા વરસોથી નિભાવય છે. પ્રકાશ ગઢીયા કહે છે. છેલ્લ ૮૦ વર્ષી અમો આ બાળકોને સારી માત્રામાં કપાસીયા વીના મુલ્યે આપીયે છીએ અને પ્રાચીન જળવાતી પરંપરાના જતનને વંદન કરીયે છીએ.

# શ્રીરામ ફાઈનાન્સે ગુજરાતમાં તેનું અભિનવ ટુ-વ્હીલર લોન સોલ્યુશન, 'ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર' લોન્ચ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

શ્રીરામ ગ્રૂપની ફ્લેગશિપ કંપની શ્રીરામ ફાયનાન્સ લિમિટેડે "ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર" લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ગ્રાહકો માટે એક નવીન અને તેના પ્રકારનું પ્રથમ ટુ-વ્હીલર લોન સોલ્યુશન છે. આ તહેવારોની સિઝનમાં તેમના સપનાનું ટુ-વ્હીલર ખરીદવાનું વિચારી રહ્યાં છે.

શ્રીરામ ફાઈનાન્સના **MD** અને **CEO** વાય.એસ. ચક્રવર્તીએ આ પહેલ વિશે બોલતા કહ્યું: "અમને ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર રજૂ કરવામાં ગર્વ છે, જે પોતાની ખરીદી કરવા માંગતા તમામ ગ્રાહકો માટે પ્રથમ પ્રકારની પહેલ છે. આ તહેવારોની સિઝનમાં ટુ-વ્હીલર. શ્રીરામ ફાઈનાન્સ ગુજરાતના સૌથી મોટા ટુ-વ્હીલર ફાઈનાન્સર્સ પૈકીનું એક છે અને આ પહેલ ગુજરાતમાં અમારી સ્થિતિને મજબૂત અને વધારવામાં મદદ કરશે."

શ્રી ચક્રવર્તીએ આગળ ઉમેર્યું, "ગ્રાહકો સામાન્ય રીતે તેઓ જે બાઈક ખરીદવા માગતા હોય છે તેના પર સંશોધન કરવા અને નિર્ણય લેવા માટે નોંધપાત્ર સમયનું રોકાણ કરતાં હોય છે. જો કે, તેઓ ઘણીવાર ધિરાણના પાસાને અવગણતા હોય છે, જે લોન પ્રદાતાની પસંદગી કરતી વખતે અનિશ્ચિતતા તરફ દોરી જાય છે. ઘણાને ખબર નથી હોતી કે તેઓ તેમની પસંદગીના ટુ-વ્હીલર માટે તેમની લોનની પાત્રતા નક્કી કરી શકે છે. ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર સાથે, ગ્રાહકો સરળતાથી તેમની લોન પાત્રતા અગાઉથી તપાસી શકે છે, જેનાથી તેમને ધિરાણ ઉપલબ્ધ હોવાની ખાતરી સાથે તેમના સ્વપ્રના ટુ-વ્હીલરની માલિકી મેળવવાનો વિશ્વાસ પ્રાપ્ત થાય છે." ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર ગ્રાહકને ટુ-વ્હીલર લોન માટેની તેની પાત્રતા, પાત્રતા રકમ, વ્યાજ દર અને ત્યારબાદ લોનની મુદત શોધવામાં લાગતો સમય ઘટાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. ગ્રાહકોએ શ્રીરામ ફાઈનાન્સ વેબસાઈટ અથવા શ્રીરામ વન એપ્લિકેશન ઉપર જવાનું રહેશે, તેમની પોતાની અને તેઓ જે ટુ-વ્હીલર ખરીદવા માંગે છે તેના વિશેની મૂળભૂત વિગતો ભરવાની રહેશે અને થોડી જ ક્ષણોમાં તેઓને ડાઉન પેમેન્ટની રકમ અને લોનની પાત્રતા સહિત લોનની રકમનું વિવરણ મળી જશે. ત્યાર બાદ તેમને બસ તેમનું ટુ-વ્હીલર લોન એલિજિબિલિટી વાઉચર ડાઉનલોડ કરવાનું રહેશે, તેને ડીલરશીપ પર શ્રીરામ ફાઈનાન્સના પ્રતિનિધિને લોન અરજીની મંજૂરી માટે જરૂરી દસ્તાવેજો સાથે રજૂ કરવાનું રહેશે, આ પ્રક્રિયા સામાન્ય રીતે ૧૦ મિનિટમાં પૂર્ણ થઈ જાય છે. લોન ૨૪ કલાકની અંદર આપવામાં આવે છે અને ગ્રાહક તેના સપનાના ટુ-વ્હીલર પર સવાર થઈને ઘરે પરત ફરે છે.

શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડ, તેમના લક્ષિત પ્રેક્ષકો સાથે ટુ-વ્હીલર લોન પાત્રતા વાઉચરને પ્રમોટ કરવા માટે, ૧૨ રાજ્યોમાં, જેમ કે, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં વ્યાપક ડિજિટલ અને ઓન-ગ્રાઉન્ડ ઝુંબેશનું આયોજન કર્યું છે. પ્રચારોને સોશિયલ મીડિયા પર પ્રભાવક ઝુંબેશ દ્વારા પણ સમર્થન મળી રહ્યું છે. ઝુંબેશમાં તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ અને રાજસ્થાન રાજ્યોમાં હીરો, સુઝુકી, **TVS,** યામાહા અને રોયલ એનફિલ્ડ જેવા **OEM** સાથે ભાગીદારીમાં એક્સચેન્જ લોન મેળાઓનો પણ સમાવેશ થાય છે.

# માંગરોળમાં સસરાએ જમાઈને ટામી મારતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા, ૨૯

માંગરોળના જુના કોટડા વાડી વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષિય યુવક સોયબ મો.હુસેન વાણોતને તેમના સસરા અ.હમીદ બેરાએ ટામી મારી દેતા પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. સોયબના એકાદ વર્ષ અગાઉ લગ્ન થયા હતા પરંતુ છેલ્લા આઠેક મહિનાથી પત્ની રીસામણે હોય તેનું મનદુઃખ રાખી શુક્રવારે નવા બસ સ્ટેશન પાસે તેમના સસરાએ યુવકને ટામી મારી દેતા તેઓને પ્રથમ માંગરોળ સિવિલમાં અને વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર કરવામાં આવેલ. આ બાબતે માંગરોળ પોલીસે એફઆઈઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# 'બ્રિક્સ'નું શિખર સંમેલન રશિયામાં થવું એ જ મહત્ત્વપૂર્ણ બાબત

દુનિયામાં ઝડપથી વિકાસ કરી રહેલી અર્થવ્યવસ્થાઓના સંગઠન 'બ્રિક્સ'નું શિખર સંમેલન રશિયામાં થવું એ જ મહત્ત્વપૂર્ણ બાબત હતી. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના સર્વોચ્ચ નેતા એક એવા દેશમાં મળી રહ્યા હતા, જે લાંબા સમયથી પોતાના પડોશી દેશ યુક્રેન સાથે યુદ્ધ કરી રહ્યું છે. યુદ્ધનો ઓછાયો રશિયન શહેર કઝાનમાં થયેલ શિખર સંમેલન પર પડવાનો જ હતો. સંમેલન બાદ સદસ્ય દેશોનું જે સંયુક્ત નિવેદન જારી થયું, તેમાં તેની ઝલક જોવા મળી શકે છે. નિવેદનમાં કહેવાયું કે સંયુક્ત રાષ્ટ્રના નિયમોથી વિપરીત કેટલાક દેશો પર જે ગેરકાનૂની પ્રતિબંધો લગાવાયા છે, દુનિયાના તાકાતવર દેશોએ તે બંધ કરવું પડશે. દેખીતું છે કે તેનો ઈશારો પશ્ચિમી દેશો દ્વારા રશિયા પર લગાવવામાં આવેલ જાત-જાતના પ્રતિબંધો તરફ છે. હાલમાં દુનિયાની જે હાલતછે, તેમાં એ શક્ય નથી કે મોટા સ્તરનું કોઈ આંતરરાષ્ટ્રીય સંમેલન થાય અને તેમાં જારી કરાયેલ નિવેદનમાં પશ્ચિમ એશિયાની સ્થિતિનો ઉલ્લેખ ન થાય. પશ્ચિમ એશિયાથી લઈને બ્રિક્સના મોટાભાગના દેશોની માનસિકતા એ નથી જે પશ્ચિમી દેશોની છે, તેથી પણ આવા નિવેદનો મહત્ત્વપૂર્ણ થઈ જાય છે.

જો આપણે બ્રિક્સની ભાવના સમજવી હશે તો આ નિવેદનથી આગળ જઈને શિખર સંમેલનમાં આપવામાં આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાષણ સાંભળવું પડશે. વડાપ્રધાને કહ્યું કે બ્રિક્સ કોઈ વિભાજનકારી સંગઠન નથી, પણ માનવતાને આગળ વધારવાની પહેલ છે. તેમણે કહ્યું કે આપણે યુદ્ધમાં નહીં, વાતચીત અને મુત્સદ્દીગીરીમાં વિશ્વાસ કરીએ છીએ. ભારતીય વડાપ્રધાને એ પણ ઉમેર્યું કે દુનિયાની ગંભીર બાબતો પર બેવડા વલણ માટે કોઈ સ્થાન ન હોવું જોઈએ. બ્રિક્સનું નિર્માણ એક આર્થિક સંગઠન રૂપે થયું હતું અને વડાપ્રધાને બ્રિક્સ દેશોના આર્થિક એકીકરણ પર ભાર મૂકતાં કહ્યું કે આ દેશોએ પરસ્પર પોતાની મુદ્રામાં કારોબાર કરવો જોઈએ. નિશ્ચિતપણે આ વાત તમામ દેશોને પસંદ આવી. મોદીએ એમ પણ કહ્યું કે આ સંગઠનમાં બીજા દેશોને ઉમેરીને તેનો દાયરો વધારવાની જરૂર છે. પરંતુ કઝાન સંમેલનની સૌથી મોટી વાત વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગની મુલાકાત રહી. સંમેલનથી અલગ બંને નેતાઓએ મુલાકાત અને બેઠક કરી, બલ્કે વર્ષોથી ચાલતા સીમા વિવાદને ઉકેલવાની દિશામાં ડગ માંડવા પર સહમતિ બનાવી. ચાર વર્ષ સુધી ચાલેલ લાંબા અને અપ્રિય વિવાદો બાદ બંને દેશોના શીર્ષ નેતૃત્વનો એક સાથે વાતચીતની મેજ પર બેસવું સ્વાગતયોગ્ય જ કહી શકાય. જોકે તેની ભૂમિકા તો સંમેલન પહેલાં જ બની ગઈ હતી, જ્યારે બંને દેશોએ સીમાવર્તી વિસ્તારની સંયુક્ત પેટ્રોલિંગ પર સહમતિ બનાવી લીધી હતી. તેનો અર્થ એ પણ છે કે કઝાનથી આપણને જે શુભ સમાચાર મળ્યા છે, તેની ભૂમિકા લાંબા સમયથી તૈયાર કરાઈ રહી હતી. જોકે પહેલાં પણ વાતચીત છેક આરે આવીને બગડી છે અને દર વખતે ચીન દ્વારા કોઈને કોઈ દગાખોરી થતી રહી છે અને વાતચીત પાટા પરથી ઉતરી જાય છે.

# સાસણ ગીર સિવાય હવે એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ બનશે 'બરડા વન્યજીવ અભયારણ્ય'







## દ્વારકા જિલ્લાના કપુરડી ચેક પોસ્ટ ખાતે મંગળવારે યોજાશે લોકાર્પણ કાર્યક્રમ : બરડાની ડુંગર, ટેકરીઓથી ૧૯૨ ચોરસ કિ.મી. વિસ્તાર અભયારણ્ય માટે આરક્ષિત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ગુજરાતમાં પ્રવાસીઓ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક નવું નજરાણું ઉમેરવા જ?ઈ રહ્યું છે. આગામી મંગળવાર તારીખ ૨૯ ના રોજ ધનતેરસના દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કપુરડી ચેક પોસ્ટ ખાતે એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ એટલે કે 'બરડા વન્યજીવ અભયારણ્ય' અને બરડા જંગલ સફારી' ફેઝ-૧ નો વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવશે. ગુજરાત વાઈલ્ડ લાઈફ પી.સી.સી.એફ. એન. શ્રીવાસ્તવે નવીન બરડા વન્યજીવ અભયારણ્ય વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, એશિયાઈ સિંહો વિશ્વમાં ખૂબ પ્રખ્યાત અને માત્ર ગુજરાતના જૂનાગઢ ફોરેસ્ટ રેન્જમાં જોવા મળતા હોય છે. વડાપ્રધાન તેમજ મુખ્યમંત્રી દ્વારા વન્ય જીવોનું સંરક્ષણ અને સંવર્ધન થઈ રહ્યું છે. જેના પરિણામે હવે બરડાની ટેકરીઓમાં પણ નાગરિકો-પ્રવાસીઓને ગુજરાતનું ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' નિહાળવા મળશે. હાલ ગુજરાતમાં અંદાજે ૬૭૪ એશિયાઈ સિંહો જોવા મળે છે. હવે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરડા વન્યજીવ અભયારણ્ય પણ સુરક્ષિત અને કુદરતી વસાહત તરીકે સ્થાપિત થશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ પ્રસંગે જામનગરના સંસદ સભ્ય પૂનમબેન માડમ, દેવભૂમિ દ્વારકા તેમજ પોરબંદરના ધારાસભ્યો ખાસ ઉપસ્થિતિ રહેશે તેમ, ગુજરાત વાઈલ્ડ લાઈફ પી.સી.સી.એફ. એન. શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

**બરડા વન્યજીવ અભયારણ્યની વિશેષતાઓ**

આ અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વન્યજીવ તેમજ રંગબેરંગી સ્થાનિક અને યાયાવર પક્ષીઓને વિચરણ માટે જૂનું અને જાણીતું સ્થળ છે અને એની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે. બરડા વન્યજીવ અભયારણ્યનું વૈવિધ્યસભર નિવાસન તંત્ર ૩૬૮ વનસ્પતિ પ્રજાતિઓને આશ્રય આપે છે. જેમાં ૫૯ વૃક્ષો, ૮૩ છોડ, ૨૦૦ ક્ષુપ અને ૨૬ વેલાઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જ્યારે વનસ્પતિની ૩૬૮ પ્રજાતિઓમાં, ક્ષુપનું પ્રમાણ સૌથી વધુ ૫૪ ટકા છે. ત્યાર બાદ ૨૩ ટકા છોડ, વૃક્ષો ૧૬ ટકા અને વેલાઓ ૯ ટકાનો સમાવેશ થાય છે. વનસ્પતિઓમાં રાયણ બરડાની સૌથી મહત્વપૂર્ણ પ્રજાતિઓમાંની એક છે.

**બરડા અભયારણ્યમાં જોવા મળતા પશુ- પક્ષીઓ**

આશરે ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઈ સિંહોની હાજરીનું ગૌરવ અનુભવી રહ્યું છે. ઉપરાંત આ અભયારણ્યમાં કુલ ૨૨ સસ્તન પ્રાણીઓની પ્રજાતિઓ માટેનું નિવાસસ્થાન છે. જેમાં સિંહ સિવાય દીપડા, જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજ/નાનું વણીયર, શિયાળ, લોંકડી અને સસલા સામેલ છે. આ ઉપરાંત અભયારણ્ય હરણ, સાબર, ચિત્તલ,નીલગાય અને જંગલી ભૂંડ જેવા પ્રાણીઓનું પણ વસવાટ કરે છે. આ અભયારણ્યમાં પક્ષીઓની ૨૬૯ પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જેમાં મોર, તેતર, દૂધરાજ, પીળીચાંચ ઢોંક, બુલબુલ, ચાશ, દેશી નીલકંઠ, શ્વેત કંઠ કલકલિયો જેવા પક્ષીઓ વિચરણ કરતા જોવા મળે છે.

**બરડા જંગલ સફારી ફેઝ ૧ ની રોમાંચક સફર**

બરડા જંગલ સફારીમાં ભાણવડ - રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સફારી દ્વારા પ્રવાસીઓ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતાનો રોમાંચક અનુભવ કરશે. આ સફારી ટ્રેઈલ જાજરમાન કીલગંગા નદીના સાનિધ્યમાંથી પસાર થઈ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ વનસ્પતિ સૃષ્ટિ તેમજ વિશિષ્ટ પ્રાણી સૃષ્ટિ નિહાળવાની અનોખી તક આપે છે. સફારી પરમિટ મેળવવા માટે પ્રવાસીઓએ ટિકિટ બારી પર અગાઉથી બુકિંગ કરાવવું ફરજીયાત છે. આગામી દિવસોમાં આ પરમિટ માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે. જેથી પ્રવાસીઓ વધુ સરળતાથી અને આગોતરૂ આયોજન કરી શકશે.

**બરડા અભયારણ્યની ભૌગોલિક પરિસ્થિતિ**

બરડા પ્રદેશના ઊંચા - નીચા ડુંગર અને ટેકરીઓથી સુસજ્જિત ભૌગોલિક રચના આશરે ૨૧૫ ચોરસ કિ.મી.નો વિસ્તાર ધરાવે છે. જે પૈકી ૧૯૨.૩૧ ચોરસ કિ.મી. વિસ્તારને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ હેઠળ સત્તાવાર રીતે વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે. બરડા વન્યજીવ અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લાઓમાં ફેલાયેલો છે.

**અભયારણ્ય જવા માટેના મુખ્ય માર્ગ**

આ અભયારણ્ય સડક માર્ગોથી સારી રીતે સંકળાયેલો છે. જેથી નજીકના નગરો અને શહેરો સુધી સહેલાઈથી પહોંચવું શક્ય બને છે. બરડા વન્યજીવ અભયારણ્યમાં પોરબંદર, જામજોધપુર, ઉપલેટા, જામનગર અને જૂનાગઢ જેવા મહત્વપૂર્ણ શહેરોમાં સરળતાથી પહોંચી શકાય છે. ઉપરાંત, આ અભયારણ્ય રાજકોટથી ૧૭૦ કિ.મી. અને અમદાવાદ ૪૩૦ કિ.મી. જેવા મુખ્ય શહેરો સાથે સારી રીતે જોડાયેલું છે. આ અભયારણ્યથી પોરબંદર રેલવે સ્ટેશન ૪૦ કિ.મી. અને જામનગર ૮૨ કિ.મી. છે. જ્યારે, હવાઈ માર્ગથી પણ સંકળાયેલો છે. આ અભયારણ્યથી રાજકોટ એરપોર્ટ ૧૯૦ કિ.મી. છે.

**બરડા અભયારણ્યની મુલાકાત માટેનો ઉત્તમ સમય**

આ અભયારણ્યની પ્રવાસીઓ સવારે ૬ થી સાંજે ૪ વાગ્યા સુધી મુલાકાત લઈ શકે છે. સાથે જ શિયાળામાં તા. ૧૬ ઓક્ટોબરથી ફેબ્રુઆરી અને ઉનાળામાં તા. ૧ માર્ચ થી ૧૫ જૂન સુધી ચાલુ હોય છે. આ ઉપરાંત દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર દરમિયાન બરડા જંગલ સફારી બંધ રહે છે.

**પ્રવાસીઓ માટે નજીકના મુખ્ય પ્રવાસન આકર્ષણો**

બરડા વન્યજીવ અભયારણ્ય નવલખા મંદિર, મોડપર કિલ્લો, જાંબુવન ગુફા, સુદામા, કીર્તિ મંદિર, પ્રસિદ્ધ નાગેશ્વર તેમજ દ્વારકાધીશ મંદિર જેવા વિશ્વ પ્રખ્યાત સ્થળો આવેલા છે. એશિયાઈ સિંહોના આ નવા આવાસ સ્થાનના સફર માટે બરડાના જીવંત ડુંગરો અને નદી કિનારાના નયનરમ્ય સૌંદર્યમાં ખોવાઈ જવા માટે લોકો આતુર છે. ત્યારે બરડા વન્યજીવ અભયારણ્ય સમૃદ્ધ જૈવવિવિધતાની યાદગાર મુલાકાત યાત્રિકોના હૃદયને એક અનોખી શાંતિ અને કુદરતના આહ્લાદક અનુભવની અવિસ્મરણીય યાદોથી ભરી દેશે. વધુ વિગતો માટે પોરબંદર વન વિભાગની કચેરીના ફોન નંબર ૦૨૮૬-૨૨૪૨૫૫૧ ઉપર સંપર્ક કરી શકાશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

# કોડીનારમાં લાયસન્સ વિનાની ફટાકડાની દુકાનો બિલાડીના ટોપની જેમ ખુલતા ગંભીર ઘટના સર્જાવાની ભીતિ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૯

કોડીનારમાં ફટાકડા વેચાણ માટે ગણતરીના જ વેપારીઓને લાયસન્સ ઈશ્યૂ કરાયા છે અને તે પણ શહેરની બહાર સિંગવડા નદીના કાંઠા વિસ્તારમાં સેફટીના તમામ સૂચનોના પાલન કરવા ની શરતે ઉભા કરાયેલા સ્ટોલમાં જ પરવાનગી અપાય છે. ત્યારે નિયમોની એસીતેસી કરીને કોડીનારમાં બિલાડીના ટોપની માફક શાકભાજીની જેમ મંજૂરી વગરની રેકડીઓમાં બેફામ રીતે ફટાકડાનું વેચાણ થઈ રહ્યું છે. રાજકોટના ટીઆરપી ગેમ ઝોનની ઘટના બાદ તંત્ર સ્ટીક બન્યું છે પરંતુ માત્ર કહેવા ખાતર જ કડક બન્યું હોય તેમ લાગે છે કોડીનાર ખાતે અપાયેલા લાઈસન્સ ધારકો સિવાયના સ્ટોલ પણ ઊભા થઈ ગયા છે અને શહેરની અંદર પણ કેટલીક જગ્યાએ રીતસર ની દુકાનો પણ ખુલી ગઈ છે.

સર્વોચ્ચ અદાલતે ફટાકડા અંગે કરેલા સૂચનનું પણ પોલીસ તંત્ર દ્વારા પાલન કરવામાં આવતું નથી અદાલતે પીટીશન(સિવિલ) નંબર ૭૨૮/૨૦૧૫ અંગે કરેલા સૂચનનું ચુસ્ત પાલન પોલીસ તંત્રએ કરાવવાનું થાય છે પણ કરવામાં આવતું નથી. કદાચ તંત્ર દ્વારા કોઈ ગંભીર ઘટના બને તેની રાહ જોવાય રહી હોય તેવું લાગે છે ક્યારે કોઈ ગમખ્વાર ઘટના બને તેની જવાબદારી કોની એવા વેધક સવાલો લોકોમાં ચર્ચા એ રહ્યા છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચ ખાતે પર્યટન પર્વ ૨૦૨૪ કાર્યક્રમ યોજાયો

## લોકસાહિત્યકાર રાજભા ગઢવીનો સાહિત્ય રસ સાંભળી નાગરિકો થયા અભિભૂત





દ્વારકા તા.૨૯

ગુજરાત સરકારના રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તથા કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા વહીવટી તંત્ર, દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે દ્વારકા તાલુકાના શિવરાજપુર બીચ ખાતે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય પર્યટન પર્વ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. પર્યટન પર્વ નિમિતે પ્રાસંગિક ઉદબોધન કરતા ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, ભારતની ભૂમિ ઉત્સવપ્રિય ભૂમિ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશા નિર્દેશનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નેતૃત્વમાં પ્રવાસન ધામો ખૂબ જ વિકાસ કર્યો છે. દ્વારકાની પાવન ભૂમિના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ તકે ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પ્રવાસન સ્થળોનો વિકાસ કરીને ના માત્ર સંસ્કૃતના મહત્વને ઉજાગર કરી પણ નાના તથા મધ્યમ વર્ગીય નાગરિકો માટે આજીવિકા પૂરી પાડી છે. બ્લુ ફ્લેગ બીચ શિવરાજપુર ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. તો મારી સૌ નાગરિકો તથા પ્રવાસીઓને અનુરોધ છે કે આપડે સ્વચ્છતા જાળવીએ તેમજ અન્યોને પણ પ્રેરિત કરીએ. પર્યટન પર્વ નિમિતે ઝાંઝરી ગ્રુપ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. તેમજ લોક સાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા લોકડાયરાના સુર લહેરાવીને સમગ્ર વાતાવરણને સંસ્કૃતિમય કરી દીધું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબતભાઈ હાથલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે પ્રાંત અધિકારી અમોલ અવતે, સામાજિક અગ્રણી લુણાભા સુમણીયા, જગાભાઈ ચાવડા, ખેરાજભા કેર, મોહનભાઈ બારાઈ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં નાગરિકોએ ભવ્ય કાર્યક્રમ નિહાળ્યો હતો.

# મધુરમ ટીંબાવાડી ખાતે જલારામ જયંતિની ઉજવણી થશે

જૂનાગઢ તા.૨૯

રઘુવંશી લોહાણા સમાજ ના ઈષ્ટદેવ સંત શીરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવનાર છે. જૂનાગઢ મધુરમ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર શેરી નં.૨માં દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂ.જલારામ બાપાની જન્મજયંતિ ઉજવાશે. જે અંતર્ગત રઘુવંશી સેવા સમાજ તેમજ રઘુવીર સેનાના સંયુક્ત ઉપક્રમે તા.૮-૧૧-૨૪ ને શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે ઉજવણીનો પ્રારંભ થશે. ગણપતિ બાપાની સ્થાપના તથા બાપાનું પૂજન તેમજ માતૃશ્રી લીરબાઈ માતાજીના રોટલાનું પૂજન પણ રાખેલ છે. અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ દરમ્યાન સમુહપ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે દિપાંજલી સોસાયટીથી વાડલા ફાટક સુધીના તમામ રઘુવંશી ભાઈઓ-બહેનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. રઘુવંશી સેવા સમાજ તેમજ રઘુવીર સેના - મધુરમ-ટીંબાવાડીના પ્રમુખ વસંતભાઈ ચંદારાણા અને કાર્યકર્તાઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહેલ છે.

# શ્રી સમસ્ત લેઉવા પટેલ સાંસ્કૃતિક સમાજ દ્વારા સ્નેહમીલન

જૂનાગઢ તા.૨૮

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સાંસ્કૃતિક સમાજ (દોમડીયા વાડી) જૂનાગઢના પ્રમુખશ્રી કરશનભાઈ આર. ધડુક તથા મંત્રીશ્રી અનિલભાઈ એમ. પટોળીયા તથા ટ્રસ્ટી મંડળની યાદી જણાવે છે કે, જૂનાગઢ મહાનગરમાં વસતા સમસ્ત લેઉવા પટેલ સમાજનું નવા વર્ષનું સ્નેહમિલન તા.૦૨-૧૧-૨૦૨૪ ને શનિવાર, સવારે ૮.૩૦ કલાકે દોમડીયા વાડી, જૂનાગઢ ખાતે યોજવામાં આવનાર છે. જેથી સમસ્ત લેઉવા પટેલ પરિવારોને સહ પરિવાર પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે જૂનાગઢમાં 'રન ફોર યુનિટી' કાર્યક્રમ યોજાયો










## "રાષ્ટ્રીય એકતા દિવસ" નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર, જૂનાગઢ દ્વારા "RUN FOR UNITY" દોડનું આયોજન

જૂનાગઢ તા.૨૯

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી "રાષ્ટ્રીય એકતા દિવસ" નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર, જૂનાગઢ દ્વારા "RUN FOR UNITY" દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. દોડને જૂનાગઢ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા, મ્યુનિસિપલ કમિશનર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં નાયબ કમિશનર અજય ઝાંપડા, જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, જિલ્લા રમત ગમત અધિકારી ગૌરાંગ નરે, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિત સરકારી અધિકારીઓ કર્મચારીઓ તેમજ જૂનાગઢ જિલ્લા પોલીસ, હોમગાર્ડ્સ યુનીટ, જૂનાગઢ જિલ્લાવાસીઓએ "RUN FOR UNITY" દોડમાં ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને ઉપસ્થિત તમામે એક ભારત શ્રેષ્ઠ ભારતના શપથ લીધા હતા. આ દોડ બહાઉદીન કોલેજ જૂનાગઢથી સરદાર ચોક ખાતે પૂર્ણ થઈ હતી. જ્યાં મહાનુભાવો અને પદાધિકારીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

માનવ સમાજના હિતમાં કરેલ કાર્ય જ યજ્ઞ છે.

-ગુરૂદત્ત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૧૨ ધનત્રયોદશી, ધનતેરસ, ભગવાન શ્રી ધનવંતરી જયંતિ, યમદીપ દાન, ભોમ પ્રદોષ તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૫, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, ઐન્દ્ર યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૫, સૂ.અ.૬:૧૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ:મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ.
મિથુન:ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વડીલોથી વાણી ઘર્ષણ થાય.
કર્ક: મોસાળ પક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા: મહત્વના કાર્યો અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા: જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક:આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન: અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર: પ્રાવસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન: આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

# શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯થી ૧૨ માટેના વિષયોનું માળખું જાહેર

● ધોરણ-૯ માટે ભાષાના ૪ અને ધોરણ-૧૦ માટે ભાષાના ૩ વિષય પસંદ કરવા પડશે
● સાયન્સમાં ભાષાના બે વિષયો ઉપરાંત સાયન્સના ૩ વિષયોની પસંદગી કરવાનું નક્કી કરાશે

અમદાવાદ, તા.૨૯
શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ૯થી ૧૨ માટેના વિષયોનું માળખુ નક્કી કર્યુ છે. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માટે ૭ વિષયો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ધોરણ-૯ માટે ૧૦ વિષય જ્યારે સાયન્સ માટે ૫ વિષય નક્કી કરવામાં આવ્યા છે. ધોરણ-૯ માટે નક્કી કરાયેલા વિષયોમાં ભાષાના ૪ વિષયોનો સમાવેશ કરાયો છે. જ્યારે ધોરણ-૧૦માં પણ ૩ ભાષા વિદ્યાર્થીઓએ પસંદ કરવાની રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯થી ૧૨નું વિષય માળખું તૈયાર કરી રાજ્યની તમામ સ્કૂલોને મોકલી આપ્યું છે. જેથી આ વિષય માળખાનું રાજ્યની તમામ સ્કૂલોએ અમલ કરવાનો રહેશે. ધોરણ૯ માટેના વિષય માળખામાં ૧૦ વિષયો ફરજિયાત કરવામાં આવ્યા છે. જેમાં જૂથ૧માં પ્રથમ ભાષા વિષય રહેશે. જે માધ્યમની શાળા હોય તે ભાષા પ્રથમ ભાષા તરીકે પસંદ કરવાની રહેશે. ત્યારબાદ જૂથ૨માં ત્રણ ભાષાઓ પસંદ કરવાની રહેશે. જ્યારે જૂથ૩માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વિષય ફરજિયાત પસંદ કરવાના રહેશે. આ ઉપરાંત જૂથ-૪માં કાર્યશિક્ષણના વિષયો પસંદ કરવાના રહેશે. ધોરણ-૧૦માં જૂથ-૧માં ૯ જેટલી ભાષામાંથી કોઈ પણ એક પ્રથમ ભાષા ફરજિયાત પસંદ કરવાની રહેશે. આ ઉપરાંત અન્ય બે ભાષાની પણ પસંદગી કરવાની રહેશે. આમ, કુલ ૩ ભાષા પસંદ કરવાની રહેશે. આ સાથે ૩ વિષય ફરજિયાત પસંદ કરવાના રહેશે, જેમાં વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ગણિત સ્ટાન્ડર્ડ અથવા ગણિત બેઝિકનો સમાવેશ થાય છે. જ્યારે જૂથ-૨ મરજિયાત વિષયોના રહેશે. જેમાં જૂથ૨માં ધોરણ-૯માં શિખ્યા હોય તેવા જૂથનો કોઈ પણ એક વિષય વિદ્યાર્થી પસંદ કરી શકશે. ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં જૂથ-૧માં અંગ્રેજી વિષય પસંદ કરવાનો રહેશે. જ્યારે જૂથ-૨માં એક ભાષાનો વિષય પસંદ કરવાનો રહેશે. જૂથ-૩માં જુદાજુદા વિષયો પૈકી ૨ વિષયો પસંદ કરવાના રહેશે. જ્યારે જૂથ૪માં ૩ વિષય પસંદ કરવાના રહેશે. જેમાં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, ભુગોળ, તત્વજ્ઞાન સહિતના વિષયોનો સમાવેશ થાય છે. આમ, સામાન્ય પ્રવાહમાં કુલ ૭ વિષય પસંદ કરવાના રહેશે. જ્યારે સાયન્સમાં જૂથ-૧માં અંગ્રેજી ભાષા, જૂથ-૨માં ભાષાનો એક વિષય પસંદ કરવાનો રહેશે. જૂથ-૩માં ગ્રુપ-એ અને ગ્રુપ-બી માટે ૩ વિષય તથા ગ્રુપ-એબી માટે ચાર વિષય પસંદ કરવાના રહેશે. આમ, સાયન્સમાં વિદ્યાર્થીઓએ પાંચ વિષય પસંદ કરવાના રહેશે.

### વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો

## ૭ વર્ષનાં બાળકની આંખમાં ફટાકડો ફૂટતા કીકીમાં ઈજા

અમદાવાદ, તા.૨૯
રાજ્યમાં દિવાળી પર્વ પહેલાં જ બાળકોમાં ફટાકડા ફોડવાની ઉત્સુકતા હોય છે ત્યારે ફટાકડા ફોડતા બાળકોના વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. નાના બાળકો મજાક મસ્તીમાં ફટાકડા ફોડતા હોય છે અને સળગતા ફટાકડાની નજીક જાય છે તેમાં કેટલીક વખત દારૂખાનું અથવા તો ફટાકડાનો તણખો આંખમાં ઉડતા જિંદગીભરની ખોટ રહી જાય છે, પરંતુ જો આવા સંજોગોમાં તાત્કાલિક સારવાર મળે તો આંખની દૃષ્ટિ બચાવી શકાય છે. આવી એક ઘટના અમદાવાદમાં ૭ વર્ષના બાળક સાથે ઘટી હતી. નાના બાળકો દિવાળી પહેલાં જ ફટાકડા ફોડવાની મજા માણતા હોય છે. તેવામાં ૭ વર્ષે બાળક જ્યારે ફટાકડા ફોડી રહ્યો હતો, ત્યારે સળગતો તણખો ઉડીને આવતા તેની આંખની કીકી ઉપર ગંભીર અસર થઈ હતી. સળગતા તણખાને કારણે તેની કીકીના બાહ્ય ભાગ ઉપર આવેલી પારદર્શક પટલ બળી જવાથી ગંભીર નુકસાન પહોંચ્યું હતું. આ બાળકની ઉંમર નાની હોવાથી તેનું ઓપરેશન કરવું પણ તબીબો માટે મુશ્કેલ હતું. કારણ કે, જો બાળકની આંખની દૃષ્ટિ પાછી ન આવે તો તે જીવનભર માટે આંખોની રોશની ગુમાવી શકે તેમ હતું. આ ૭ વર્ષના બાળકને જ્યારે આંખમાં ઈજા થઈ ત્યારે તાત્કાલિક પણે તેના પિતા દ્વારા નજીકની બે હોસ્પિટલમાં તપાસ માટે લઈ જવામાં આવ્યો હતો, પરંતુ તેને આંખમાં વધારે જ ગંભીર ઈજાઓ હોવાથી સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બાળકને ઈમર્જન્સીમાં સારવાર કરીને તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઓપરેશનને અંતે બાળકની આંખની દૃષ્ટિ પરત લાવવામાં તબીબોએ સફળતા મેળવી હતી. ફટાકડા ફોડતી વખતે ખૂબ જ કાળજી રાખવી આવશ્યક છે. ખાસ કરીને જ્યારે આસપાસ નાના બાળકો હોય તે દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે.

## ગુજરાતી હવે કેનેડામાં ત્રીજી સૌથી વધુ બોલાતી ભારતીય ભાષા

**કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે, જેમાં ૨૦૧૬ અને ૨૦૨૧ વચ્ચે નોંધપાત્ર વધારો થયો છે, ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ અમેરિકા, યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સાથેના વિઝા મુદ્દાઓને કારણે કેનેડા તરફના શિફ્ટને હાઈલાઈટ કરે છે, જો કે, તાજેતરમાં નીતિગત ફેરફારોને પગલે પડકારો ઊભા થયા છે**



અમદાવાદ, તા.૨૯
કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના ડેટા અનુસાર ૧૯૮૦થી લગભગ ૮૭,૯૦૦ ગુજરાતી-ભાષી ઈમિગ્રન્ટ્સ કેનેડામાં સ્થાયી થયા છે, જેમાંથી નોંધપાત્ર ૨૬% ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે દેશમાં આવ્યા છે. આ પછીના સમયગાળા દરમ્યાન પંજાબી ભાષીઓએ ૭૫,૪૭૫ ઉપર સૌથી મોટો ભાષાકીય જૂથ બનાવ્યો, ત્યારબાદ હિન્દી બોલનારા ૩૫,૧૭૦ હતા. ૨૨,૯૩૫ ઈમિગ્રન્ટ્સ સાથે ગુજરાતી બોલનારા ત્રીજા ક્રમે છે, જ્યારે મલયાલમ અને બંગાળી બોલનારા અનુક્રમે ૧૫,૪૪૦ અને ૧૩,૮૩૫ સાથે ત્રીજા ક્રમે છે. ડેટાએ એ પણ જાહેર કર્યુ છે કે, ગુજરાતી વસાહતીઓએ મુખ્ય ભાષાકીય જૂથોમાં બીજા- સૌથી વધુ દાયકાની વૃદ્ધિનો અનુભવ કર્યો છે, જેમાં ૨૦૧૧ અને ૨૦૨૧ વચ્ચે ૨૬% વધારો થયો છે, જ્યારે પંજાબી બોલનારા ૨૨% વધારો થયો છે. સમાન સમયગાળા દરમ્યાન હિન્દી બોલનારાઓમાં ૧૧૪% નાટકીય વૃદ્ધિ જોવા મળી હતી. ૨૦૦૧ અને ૨૦૧૦ની વચ્ચે ૪૬૦ બોલનારાઓમાંથી ૨૦૧૧થી ૨૦૨૧ સુધી ૩૭૦ સુધીના સ્થળાંતરમાં ઘટાડો સાથે કચ્છી એ જે ગુજરાતની બીજી ભાષા છે તેને પણ આંકડાઓમાં દર્શાવવામાં આવી છે. ૨૦૧૧ પછી ગુજરાતીઓ માટે સ્થળાંતરનું વલણ વધ્યું કારણ કે, કેનેડા યુએસ અને અન્ય અંગ્રેજી બોલતા દેશો માટે અનુકૂળ વિકલ્પ બની ગયું. ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સમીર યાદવે જણાવ્યું હતું કે, યુએસ દાયકાઓ સુધી હોટ ફેવરિટ હતું, પરંતુ લોકો વિઝા પ્રોસેસિંગ અને ઊંચા ખર્ચ સાથે સંઘર્ષ કરતા હતા. યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે પણ પ્રતિબંધો દાખલ કર્યા છે, કેનેડાની સરળ કાયમી રહેઠાણ પ્રક્રિયા અને ઓછા શૈક્ષણિક ખર્ચે તેને વિદ્યાર્થીઓ માટે આકર્ષક વિકલ્પ બનાવ્યો છે. આ વૃદ્ધિને પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે ૧૯૯૧ અને ૨૦૦૦ની વચ્ચે ગુજરાતી-ભાષી ઈમિગ્રન્ટ્સની સંખ્યા ૧૩,૩૬૫ હતી, જે પછીના દાયકામાં વધીને ૨૯,૬૨૦ થઈ અને ૨૦૧૧થી ૨૦૨૧ સુધીમાં ૩૭,૪૦૫ સુધી પહોંચી. જો કે, ઈમિગ્રેશન નીતિઓમાં તાજેતરના ફેરફારોએ સમુદાયમાં ચિંતાઓ વધારી છે. અમદાવાદના વિઝા કન્સલ્ટન્ટના જણાવ્યા અનુસાર હાઉસિંગ પડકારોમાં વધારો, જોબ માર્કેટની સંતૃપ્તિ અને સખત કાયમી રહેઠાણની જરૂરિયાતોને કારણે ગુજરાતમાંથી કેનેડા માટે વિઝા અરજીઓમાં ચિંતાજનક ૮૦% ઘટાડો થયો છે. સલાહકારે જણાવ્યું હતું કે, ઓછી વિઝા તકો સાથે, વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોની પૂછપરછમાં નાટ્યાત્મક ઘટાડો થયો છે, અરજીઓ હવે એવા લોકો તરફથી આવે છે જેઓ પહેલાથી જ કેનેડિયન PR ધરાવે છે જેઓ પરિવારના સભ્યોને લાવવા માંગે છે.

## પાકિસ્તાની એજન્ટને રાષ્ટ્રીય સુરક્ષાને લગતી માહિતી મોકલતો જાસૂસ પોરબંદરથી ઝડપાયો

અમદાવાદ, તા.૨૯
ગુજરાત ATSએ પોરબંદરમાંથી ભારતીય સેના અને કોસ્ટગાર્ડની ગુપ્ત માહિતી પાકિસ્તાનના એજન્ટને મોકલનાર જાસૂસને ઝડપી પાડ્યો છે. એટીએસની માહિતી મળી હતી કે પોરબંદરનો પંકજ કોટિયા નામનો યુવક છેલ્લા કેટલાય સમયથી પાકિસ્તાની જાસૂસી સંસ્થાના એજન્ટના સંપર્કમાં છે અને પોરબંદર કોસ્ટગાર્ડ જેટી તેમજ જેટી ઉપરની ભારતીય કોસ્ટગાર્ડની બોટ અંગેની સંવેદનશીલ માહિતી સોશિયલ મીડિયાના માધ્યમથી મોકલે છે. જેના આધારે ગુજરાત એટીએસની ટીમ પંકજ દિનેશભાઈ કોટિયા નામના શખ્સની ધરપકડ કરી તપાસ કરતા ચોંકાવનારા ખુલાસા થયા છે. પોરબંદર જિલ્લો દરિયા કિનારે આવેલો જિલ્લો છે અને દરિયા કિનારે કેન્દ્રની અને રાજયની સુરક્ષા એજન્સીઓ બાજ નજર રાખીને દેશની સુરક્ષા કરતી હોય છે અને પોતાની ફરજ બજાવતી હોય છે, ત્યારે આ વ્યક્તિ દ્વારા તમામ એજન્સીઓને લઈ ગુપ્ત માહિતી લીક થતી હોય તેવી વાત સામે આવી હતી ત્યારે કોસ્ટગાર્ડ તેમજ દરિયાઈ સુરક્ષાને લઈ જે એજન્સીઓ છે તે શું કામ કરી રહી છે તેની માહિતી આગળ પહોંચાડવાની વાત લીકેજ કરવામાં આવતી હતી જેને લઈ પંકજ નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, પોરબંદરનો જ સ્થાનિક વ્યકિત છે કે જે આ તમામ માહિતી પહોંચાડતો હતો. ગુજરાત એટીએસએ એક ગુનો નોંધ્યો છે જેમાં તેમને બાતમી મળી હતી પકંજ કોટીયા નામનો વ્યક્તિ પોરબંદરમા જાસૂસી કરતો હતો, તેનો ફોન જપ્ત કરીને FSL ખાતે મોકલી આપ્યો છે. આરોપી પંકજ મોબાઈલ મારફતે પાકિસ્તાનની રિયા નામની યુવતી સાથે સંપર્કમાં છે. ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલી છે. કંઈ કંઈ માહિતી મોકલી છે તેની તપાસ ચાલી રહી છે. કોસ્ટગાર્ડની શીપની મુવમેન્ટ પાકિસ્તાન મોકલી છે. આરોપી પંકજ પાસેથી અલગ અલગ ૧૧ બેંક એકાઉન્ટ મળી આવ્યા છે, જેમાંથી ૨૬ હજાર રૂપિયા મળી આવ્યા છે, આરોપી તમાકુની ફેકટરીમાં કામ કરે છે. ફેબ્રુઆરી મહિનાથી આરોપી રીયાના સંપર્કમાં છે. તો પાકિસ્તાનમાં રહેલી રીયાએ પોતે પાકિસ્તાન નેવીમાં હોવાની ઓળખ આરોપીને આપી હતી, કોસ્ટગાર્ડની માહિતી પહોંચે તો દેશની સુરક્ષાને ખતરો છે.

## આગામી સાત દિવસ ગુજરાતીઓને ઉનાળા જેવી ગરમીનો અનુભવ થશે




અમદાવાદ, તા.૨૯
રાજ્યમાં વરસાદે વિરામ લીધા બાદ તમામ શહેરોમાં ઉનાળાની જેમ અંગ દઝાડતી ગરમી વરસે છે. ઉનાળા જેવી પરિસ્થિતિનું લોકો અનુભવ કરી રહ્યા છે. જ્યારે રાત્રે કેટલીકવાર ઠંડીનો પણ અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા હજુ પણ આગામી સાત દિવસ આ વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ વ્યકત કરવામાં આવી છે. એટલે કે, દિવાળી સુધી ગુજરાતીઓને ઉનાળાનો અહેસાસ થઈ શકે છે. કારણ કે, હાલમાં અમદાવાદમાં જ મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યું છે, ત્યારે હજુ પણ આગામી સાત દિવસ આ પ્રકારનું વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓને પગલે દિવાળી ગરમીમાં નીકળી જાય તેવી શક્યતા છે. ત્યારબાદ એટલે કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ છે. એટલે કે, જ્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, ત્યારે ગુજરાતીઓને ઉનાળા જેવો જ અનુભવ થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ ગુજરાતનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ છે. જ્યારે ચાર દિવસ બાદ કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન એકથી બે ડિગ્રી ઘટી શકે છે. કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન હજુ પણ વધવાની શક્યતાઓ છે. એટલે કહી શકાય કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી ગુજરાતીઓને ગરમીમાં શેકાવું પડશે. કારણ કે, હાલમાં ગુજરાત ઉપર જે પવન આવી રહ્યા છે તે ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફ આવી રહ્યા છે. એટલે કે, પાકિસ્તાન અને રાજસ્થાનના રણપ્રદેશમાં થઈને આ પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે દિવસ દરમ્યાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થાય છે, પરંતુ સાંજ બાદ એટલે કે, મધરાત્રિ અને વહેલી સવારે અંશતઃ ઠંડકનો અહેસાસ થાય છે. કારણ કે, સામાન્ય રીતે રણપ્રદેશમાં દિવસ દરમ્યાન સખત ગરમી અને સૂર્યાસ્ત બાદ સખત ઠંડી હોય છે. એટલે કે, ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા હોવાથી દિવસ દરમ્યાન ગરમી અને રાત્રે ઠંડકનો અહેસાસ થાય છે. હજુ પણ આગામી પાંચથી સાત દિવસ દરમ્યાન યથાવત્ રહેશે. ગુજરાતના મધ્ય ભાગમાં એટલે કે, અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આગામી સાત દિવસ દરમ્યાન આ પ્રકારનું વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા છે.

## ગૌતમ અદાણીને આંચકો : કેન્યા કોર્ટે રૂા.૬૧૮૯ કરોડના પ્રોજેક્ટને સસ્પેન્ડ કર્યો



(એજન્સી) તા.૨૯
બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવાયું છે કે, કેન્યાની અદાલતે ૩૦ વર્ષના સમયગાળામાં હાઈ-વોલ્ટેજ પાવર ટ્રાન્સમિશન લાઈનના નિર્માણ અને સંચાલન માટે ભારતના અદાણી જૂથ સાથેના ૭૩૬૦ લાખ ડૉલર (રૂા.૬૧૮૯ કરોડથી વધુ)ના સરકારી કરારને સસ્પેન્ડ કર્યો છે. આ નિર્ણય કેન્યાના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિદેશી રોકાણના વાતાવરણ માટે નોંધપાત્ર અસરો ધરાવી શકે છે. સસ્પેન્શનને કારણે કાનૂની પડકારો અને પ્રોજેક્ટ વિશે વધુ ચર્ચાઓ પણ થઈ શકે છે, જે દેશની પાવર વિતરણ ક્ષમતા વધારવા માટે મહત્ત્વપૂર્ણ છે. તે એક વિકાસશીલ વાર્તા છે જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને હિસ્સેદારોને અસર કરશે. રાજયની માલિકીની કેન્યા ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કંપની (KETRACO) અને અદાણી એનર્જી સોલ્યુશન્સ વચ્ચેની તાજેતરની જાહેર-ખાનગી ભાગીદારીનો ઉદ્દેશ દેશમાં ચાલુ વીજ આઉટેજને પહોંચી વળવા અને આર્થિક વૃદ્ધિને ઉત્તેજીત કરવાનો છે. આ મહિનાની શરૂઆતમાં સહયોગ કેન્યાના ઊર્જા માળખાને વધારવાનો પ્રયાસ કરે છે, જે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને ટેકો આપવા માટે નિર્ણાયક છે. વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં સુધારો કરીને આ પહેલ વિકાસના પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે અને પ્રદેશમાં વધુ રોકાણ આકર્ષી શકે છે. ભાગીદારી સ્થાનિક ઊર્જા પડકારોને સંબોધવામાં આંતરરાષ્ટ્રીય સહયોગના વધતા વલણને પ્રતિબિંબિત કરે છે. હાલમાં જો કે, હાઈકોર્ટના ન્યાયાધીશ એન્ડુ બાહાટી મ્વામુયેએ કેન્યાના સત્તાવાળાઓ વિરૂધ્ધ ચુકાદો આપ્યો હતો, તેમને પ્રોજેક્ટ સાથે આગળ વધવા અથવા ટ્રાન્સમિશન લાઈનો, સબસ્ટેશન અથવા અન્ય ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે અદાણી એનર્જી સોલ્યુશન્સ સાથે નવા કરાર કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. આ ચુકાદો કેન્યામાં પાવર આઉટેજને સંબોધિત કરવા અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવાના હેતુથી ભાગીદારીમાં અનિશ્ચિતતા ઉમેરે છે. આ નિર્ણય માત્ર ચોક્કસ પ્રોજેક્ટને જ નહીં પરંતુ દેશમાં વિદેશી રોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટેના વ્યાપક લેન્ડસ્કેપને પણ અસર કરી શકે છે. કેન્યાની લૉ સોસાયટી જેણે કોર્ટમાં કેસ શરૂ કર્યો હતો, તેણે દલીલ કરી હતી કે, અદાણીની કંપની સાથેનો કરાર 'બંધારણીય છેતરપિંડી' છે. તેઓએ દાવો કર્યો હતો કે, આ સોદામાં પારદર્શિતાનો અભાવ છે અને તે જરૂરી બંધારણીય સિદ્ધાંતોને જાળવી રાખવામાં નિષ્ફળ જાય છે. આ પરિપ્રેક્ષ્ય જાહેર-ખાનગી ભાગીદારીમાં શાસન અને જવાબદારી અંગેની ચિંતાઓને પ્રકાશિત કરે છે. ભારતીય અબજોપતિના જૂથને કેન્યામાં વધતી તપાસનો સામનો કરવો પડ્યો છે. તાજેતરમાં અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડને કેન્યાના મુખ્ય એરપોર્ટને ઓપરેટ કરવા માટે ૩૦ વર્ષનો કોન્ટ્રાકટ આપવાના પ્રમુખ વિલિયમ રૂટોના પ્રસ્તાવને કોર્ટે અવરોધિત કર્યો હતો. આ નિર્ણય દેશમાં અદાણી જૂથ જે પડકારોનો અનુભવ કરી રહ્યું છે તેમાં વધારો કરે છે અને કેન્યામાં વિદેશી રોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે વ્યાપક અસરો અંગે પ્રશ્નો ઊભા કરે છે.

## કાળા રીંછ, ચિત્તાની વસ્તીમાં વધારાને પગલે હિમાચલ પ્રદેશમાં માનવ-વન્યજીવન સંઘર્ષમાં વધારો : વન્યજીવન વસ્તી ગણતરી

### વસ્તી ગણતરીમાં સમગ્ર રાજ્યમાં અંદાજે ૫૨૯ કાળા રીંછ અને ૫૧૦ ચિત્તાની ઓળખ કરવામાં આવી હતી, જેમાં ૩૦૭ રીંછ અને ૩૩૩ ચિત્તા વ્યક્તિગત રીતે નોંધાયા હતા

ચંદીગઢ, તા.૨૯
હિમાચલપ્રદેશમાં માનવ-વન્યજીવન સંઘર્ષ વધી રહ્યો છે, જેમાં એશિયાટિક કાળા રીંછ અને ચિત્તો મુખ્ય ફાળો આપી રહ્યા છે, તાજેતરના વાઈલ્ડલાઈફ સેન્સસ શીર્ષક હેઠળની વસ્તી અંદાજ અને માનવ-વન્યજીવન સંઘર્ષનું મૂલ્યાંકન ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. અહેવાલ દર્શાવે છે કે૪ આ પ્રાણીઓ જેમના પ્રાથમિક શિકારમાં ઘેટાં, બકરા, ઢોર અને ક્યારેક ક્યારેક કૂતરાં હોય છે, ખાસ કરીને કુલ્લુ, ચંબા, મંડી, કિન્નૌર, લાહૌલ અને સ્પીતિ જિલ્લાઓમાં અને સિરમૌરના કેટલાક ભાગોમાં માનવીઓ સાથે વધુને વધુ સંઘર્ષમાં આવી રહ્યા છે. વસ્તી ગણતરીમાં સમગ્ર રાજ્યમાં અંદાજે ૫૨૯ કાળા રીંછ અને ૫૧૦ ચિત્તાની ઓળખ કરવામાં આવી હતી, જેમાં ૩૦૭ રીંછ અને ૩૩૩ ચિત્તા વ્યક્તિગત રીતે નોંધાયા હતા. અભ્યાસ દર્શાવે છે કે, ૩૦.૮૫% અસરગ્રસ્ત વિસ્તારોમાં સંઘર્ષ માટે ચિત્તા જવાબદાર છે, જ્યારે કાળા રીંછ ૧૮.૬૫% માટે જવાબદાર છે. હુમલાઓમાં ૮૩.૭૯% ઘેટાં અને બકરાં, ત્યારબાદ ૧૩.૨૦% ઢોર અને ૪.૭૫% ઘોડાઓ છે. દીપડાઓ ક્યારેક-ક્યારેક કૂતરાઓનો શિકાર પણ કરે છે, આવી ૩.૪૦% ઘટનાઓ નોંધાય છે, જો કે, કાળા રીંછ દ્વારા કૂતરાના શિકારના કોઈ રેકોર્ડ નથી. અહેવાલ જણાવે છે કે, જંગલોની નજીકના અલગ-અલગ વિસ્તારોમાં બાંધવામાં આવેલી માનવ વસાહતો હુમલા પાછળનું મુખ્ય પરિબળ છે, તે દર્શાવે છે કે, સંરક્ષિત વિસ્તારોની આસપાસ માનવ વસ્તીની વૃદ્ધિ, અતિક્રમણ અને જંગલો ઉપર વધતી નિર્ભરતા આ સંઘર્ષોમાં નોંધપાત્ર યોગદાન આપે છે. મોસમી ભિન્નતાઓ સંઘર્ષની પેટર્નને પણ પ્રભાવિત કરે છે. દીપડાઓ મુખ્યત્વે વસંતઋતુમાં પશુધન ઉપર હુમલો કરે છે (બિલાસપુરમાં સૌથી વધુ ૩૨.૬%), પાનખરમાં ઓછા બનાવો (૧૪.૨%). રીંછના હુમલાઓ ઉનાળામાં ચમ્બામાં (૩૧.૫૫%) સૌથી વધુ વારંવાર થાય છે, ત્યારબાદ પાનખર (૩૧.૧૮%) આવે છે. વસ્તી ગણતરી મુજબ શિમલા, કાંગડા, મંડી, સિરમૌર અને કુલ્લુમાં રીંછના હુમલાની સૌથી વધુ સંખ્યા નોંધાય છે, જ્યારે કુલ્લુ, મંડી, ચંબા, ઉના, શિમલા, સિરમૌર અને કાંગડામાં ચિત્તોના હુમલા સૌથી વધુ જોવા મળે છે. રીંછની વસ્તીના સંદર્ભમાં કિન્નૌરમાં સૌથી વધુ ૯૦ રીંછ છે, ત્યારબાદ કુલ્લુ (૭૬), શિમલા (૭૧), ચંબા (૩૨), કાંગડા અને મંડી (દરેક ૧૫) અને સિરમૌર અને સોલન બંનેમાં પાંચ રીંછ છે. લાહૌલ અને સ્પીતિમાં માત્ર એક રીંછ નોંધાયું હતું. ચિત્તા માટે શિમલા ૫૮ સાથે આગળ છે, ત્યારબાદ સોલન (૫૬), મંડી (૫૦), સિરમૌર (૪૮) અને કિન્નૌર (૪૪). બિલાસપુર અને કાંગડા (પ્રત્યેક ૧૩), ચંબા (૫) અને હમીરપુર (૪)માં ઓછી સંખ્યા નોંધાઈ હતી. ZSI અહેવાલ વધુમાં સૂચવે છે કે, સ્થાનિક સમુદાયોને વન્યજીવ સંરક્ષણ ઉપર શિક્ષિત કરવું મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને ચંબા, મંડી, કુલ્લુ અને કિન્નૌર જેવા સંઘર્ષગ્રસ્ત જિલ્લાઓમાં જ્યાં ૧૨૯૮ રહેવાસીઓએ સર્વેક્ષણમાં ચિત્તાને તેમના પશુધન માટે ખતરો ગણાવ્યો હતો.

## સુરક્ષાના જોખમો વચ્ચે સલમાન ખાન દુબઈમાં પરફોર્મ કરશે

(એજન્સી) તા.૨૯
બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન, જે હાલમાં રિયાલિટી શો 'બિગ બોસ ૧૮' હોસ્ટ કરે છે, તે સુરક્ષાના જોખમો વચ્ચે દુબઈમાં પરફોર્મ કરવા માટે તૈયાર છે. રવિવારે, અભિનેતાએ તેમના ઈન્સ્ટાગ્રામ ઉપર ગયો, અને તેના દા-બેંગ પ્રવાસના આગામી તબક્કા માટેનું પોસ્ટર શેર કર્યું. તેમણે કેપ્શનમાં લખ્યું, 'દુબઈ દબંગ ધ ટૂર માટે તૈયાર થઈ જાઓ - ૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ફરીથી લોડ કરવામાં આવશે'. સોનાક્ષી સિન્હા, દિશા પટણી, મનીષ પૉલ, જેકલીન ફર્નાન્ડીઝ, સુનીલ ગ્રોવર, દિગ્દર્શક-કોરિયોગ્રાફર પ્રભુ દેવા જેવા અન્ય કલાકારો પણ આ પ્રવાસમાં સલમાનની સાથે પરફોર્મ કરશે. તેમના તરફથી સલમાન લો-પ્રોફાઈલ જાળવી રહ્યો છે, અને લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા તેના રાજકારણી મિત્ર બાબા સિદ્દીકની હત્યા બાદ તેણે જાહેરમાં દેખાવો મર્યાદિત કર્યા છે. સલમાનનો દુબઈનો પ્રવાસ અભિનેતા માટે થોડી રાહતનો સંકેત આપે છે કારણ કે દુબઈ વિશ્વના સૌથી સુરક્ષિત સ્થળો પૈકી એક તરીકે જાણીતું છે. તાજેતરમાં, રેપર યો યો હની સિંહ, જેને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી ધમકીઓ પણ મળી હતી, તેમણે જણાવ્યું કે મધ્ય પૂર્વીય શહેરમાં સુરક્ષાને કારણે તે દુબઈમાં જ રહેવાનું પસંદ કરે છે. અગાઉ, બાંદ્રા મતવિસ્તાર ધરાવતા રાજકારણી બાબા સિદ્દીકની, જ્યાં સલમાન તેમના પરિવાર સાથે રહે છે, તેની મુંબઈમાં તેમની ઓફિસની બહાર હત્યા કરવામાં આવી હતી.

### નીતા અંબાણીએ જાહેરાત કરી

# ગુજરાતી બિલિયોનર એક લાખ મહિલા અને બાળકોને કરશે મદદ

## બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે આવશ્યક સ્ક્રીનિંગ અને સારવારને પ્રાથમિકતા આપવામાં આવશે

મુંબઈ, તા.૨૯

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીએ બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે આવશ્યક સ્ક્રીનિંગ અને સારવારને પ્રાથમિકતા આપતી નવી આરોગ્ય સેવા યોજના શરૂ કરવાની જાહેરાત કરી છે. સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની ૧૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે નવી આરોગ્ય સેવા યોજનાનો આરંભ કર્યો છે. આ યોજના અંતર્ગત ૫૦,૦૦૦ બાળકોમાં જન્મજાત હૃદયની બિમારીના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવાર, ૫૦,૦૦૦ મહિલાઓમાં બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવાર તેમજ ૧૦,૦૦૦ કિશોરીઓ માટે નિઃશુલ્ક સર્વાઈકલ કેન્સર રસીકરણના નીતા એમ. અંબાણીએ શપથ લીધા છે.

નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, "છેલ્લા ૧૦ વર્ષથી સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ દરેક ભારતીય માટે વિશ્વકક્ષાની આરોગ્ય સેવાને ઉપલબ્ધ તેમજ કિફાયતી બનાવી રહી છે. અમે સાથે મળીને લાખો જીવનને સ્પર્શ કર્યો છે તેમજ અગણિત પરિવારોમાં નવી આશા જન્માવી છે. આ સીમાચિહ્નની ઉજવણીની સાથે, અમે ગરીબ સમુદાયના બાળકો અને મહિલાઓ માટે નિઃશુલ્ક નવી આરોગ્ય સેવા યોજના શરુ કરી છે. અમારું માનવું છે કે, સારું આરોગ્ય એ સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે, અને સ્વસ્થ મહિલાઓ તથા બાળકો ચેતનવંતા સમાજની આધારશિલા છે."

સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે સર્વશ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો એક દાયકો પૂર્ણ કર્યો છે. છેલ્લા એક દાયકામાં, અમારી હોસ્પિટલે ૧.૫ લાખથી વધુ બાળકો સહિત ૨.૭૫ મિલિયન ભારતીયોના જીવનને સ્પર્શ કર્યો છે. સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ તેના દર્દીઓને શ્રેષ્ઠતમ સારવાર પૂરી પાડવામાં અગ્રેસર રહી છે, જેને અત્યાધુનિક ટેક્નોલોજી વડે સાકાર કરતા ગત એક દાયકામાં અપ્રતિમ સીમાચિહ્નો હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે અસંખ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે, જેમાં ૫૦૦થી વધુ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવા ઉપરાંત ૨૪ કલાકની અંદર ૬ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનો રેકોર્ડ સામેલ છે જેના થકી અનેક લોકોના જીવ બચાવ્યા છે. સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલને ભારતમાં સતત નંબર ૧ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે પણ માન્યતા પ્રાપ્ત થઈ છે.

જન્મજાત હૃદયની બિમારી એ ભારતમાં ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા છે, જેનો મોર્બિડિટી તેમજ મૃત્યુદર ઘણો ઊંચો છે. દેશમાં દર ૧૦૦માંથી લગભગ ૧ નવજાત શિશુને તેની અસર થાય છે.

આ સમયે જ, ભારતીય મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર એ સર્વવ્યાપક કેન્સર છે, જેનો આંક મહિલાઓને થતા તમામ પ્રકારના કેન્સરના ૨૫%થી વધુનો છે. ICMRના તાજેતરના અભ્યાસમાં નોંધાયું છે કે, કેન્સરના જે દર્દીઓમાં વહેલીતકે નિદાન થાય તેમની આવરદા અંતિમ તબક્કે કેન્સરનું નિદાન કરાયેલાની તુલનામાં પાંચ વર્ષ વધી જવાની ૪.૪ ગણી વધુ શક્યતા રહેલી છે, જેના થકી આવા દર્દીઓ માટે વધુ સારા પરિણામો પ્રાપ્ત કરવામાં સમયસર નિદાન અને સારવારની પ્રાપ્તિ અત્યંત મહત્ત્વની બની જાય છે. વર્ષ ૨૦૨૫માં ભારત માટે સર્વાઈકલ કેન્સરનો અંદાજિત બોજો ૧.૫ મિલિયન વિકલાંગતા-સમાયોજિત જીવન દિવસો હોવાનું એક પ્રકાશિત અભ્યાસમાં જણાવાયું છે.

### પંજાબી અને હિન્દી પછી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા

# કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ગુજરાતી સૌથી વધુ બોલાતી ભાષા

## વર્ષ ૧૯૮૦ થી આશરે ૮૭,૯૦૦ ગુજરાતી ભાષી ઇમિગ્રન્ટ્સ કેનેડામાં સ્થાયી થયા છે

ઓટાવા, તા.૨૯

કેનેડામાં ભારતીય ઈમિગ્રન્ટ્સમાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે. ૧૯૮૦ થી આશરે ૮૭,૯૦૦ ગુજરાતી ભાષી ઈમિગ્રન્ટ્સ કેનેડામાં સ્થાયી થયા છે. ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીમાં ગુજરાતી ભાષી વસાહતીઓની સંખ્યામાં ૨૬%નો વધારો થયો છે.કેનેડામાં પંજાબી અને હિન્દી પછી ગુજરાતી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા બની છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના ડેટા અનુસાર, ૧૯૮૦ થી આશરે ૮૭,૯૦૦ ગુજરાતી ભાષી લોકો કેનેડામાં સ્થાયી થયા છે. તેમાંથી ૨૬% ૨૦૧૬ અને ૨૦૨૧ વચ્ચે કેનેડા ગયા છે. જો કે, કેનેડાના ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારોને કારણે વિઝા મેળવવાનું મુશ્કેલ બન્યું છે અને ગુજરાતમાંથી કેનેડા જનારા લોકોની સંખ્યામાં ૮૦%નો ઘટાડો થયો છે.

૨૦૧૬ અને ૨૦૨૧ ની વચ્ચે કેનેડામાં સ્થળાંતર કરનારા લોકોની સૌથી વધુ સંખ્યા પંજાબી ભાષીઓ હતી, ૭૫,૪૭૫. બીજા સ્થાને ૩૫,૧૭૦ હિન્દી ભાષી લોકો હતા. ગુજરાતી બોલતા લોકો ૨૨,૯૩૫ લોકો સાથે ત્રીજા સ્થાને હતા. આ પછી ૧૫,૪૪૦ લોકો મલયાલમ અને ૧૩,૮૩૫ લોકો બંગાળી બોલતા હતા. ૨૦૧૧ અને ૨૦૨૧ વચ્ચે ગુજરાતી બોલનારાઓની સંખ્યામાં ૨૬%નો વધારો થયો છે, જે બીજા નંબરનો સૌથી મોટો વધારો છે. પંજાબી બોલનારાઓની સંખ્યામાં ૨૨%નો વધારો થયો છે.

આ જ સમયગાળા દરમિયાન હિન્દી બોલનારાઓની સંખ્યામાં ૧૧૪%નો વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં બોલાતી અન્ય ભાષા કચ્છી બોલતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. ૨૦૦૧ અને ૨૦૧૦ ની વચ્ચે, ૪૬૦ કચ્છી ભાષી લોકો કેનેડામાં સ્થળાંતરિત થયા, જ્યારે ૨૦૧૧ અને ૨૦૨૧ વચ્ચે, આ સંખ્યા ઘટીને ૩૭૦ થઈ ગઈ. કેનેડામાં ગુજરાતીઓની સંખ્યામાં ૨૦૧૧થી ઝડપથી વધારો થયો છે. આવું એટલા માટે થયું કારણ કે અમેરિકા અને અન્ય અંગ્રેજી બોલતા દેશો કરતાં કેનેડામાં સ્થાયી થવું સરળ હતું.

ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સમીર યાદવનું કહેવું છે કે દાયકાઓ સુધી અમેરિકા લોકોનું ફેવરિટ ડેસ્ટિનેશન હતું, પરંતુ વિઝા પ્રક્રિયા અને વધુ પડતી કિંમતના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે પણ તેમના નિયમો કડક બનાવ્યા છે. આનાથી કેનેડાની પરમેનન્ટ રેસિડન્સી (PR) મેળવવાનું અને ત્યાં અભ્યાસ કરવાનું સરળ બન્યું.

૧૯૯૧ અને ૨૦૦૦ ની વચ્ચે કેનેડામાં સ્થળાંતર કરનારા ગુજરાતી બોલનારાઓની સંખ્યા ૧૩,૩૬૫ હતી. આગામી દાયકામાં આ સંખ્યા વધીને ૨૯,૬૨૦ અને ૨૦૧૧ થી ૨૦૨૧ સુધીમાં વધીને ૩૭,૪૦૫ થઈ. જો કે કેનેડાના ઈમિગ્રેશન નિયમોમાં તાજેતરમાં થયેલા ફેરફારોને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વિઝા અરજીઓમાં ૮૦% સુધીનો ઘટાડો અમદાવાદના એક વિઝા કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે, મકાનોની અછત, નોકરીની અછત અને PR માટેના કડક નિયમોને કારણે ગુજરાતમાંથી કેનેડા માટે વિઝા અરજીઓમાં ૮૦% સુધીનો ઘટાડો થયો છે.

કન્સલ્ટન્ટે કહ્યું કે વિઝાની ઓછી તકોને કારણે વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સની પૂછપરછમાં મોટો ઘટાડો થયો છે. હવે મોટાભાગની અરજીઓ એવા લોકો તરફથી આવી રહી છે જેમની પાસે પહેલેથી જ કેનેડા PR છે અને તેઓ તેમના પરિવારના સભ્યોને આમંત્રિત કરવા માગે છે.

### ઠગબાજો પણ લોકોને ખંખેરવા સક્રિય બન્યાં છે

# તહેવારોમાં ફેક મેસેજને લઈને ગૃહ મંત્રાલયે જારી કર્યું એલર્ટ

## વોટ્સએપ પર દિવાળી ગિફ્ટનો મેસેજ પણ કંગાળ કરી શકે છે અને તમારે લાખો રૂપિયા ગુમાવાનો વારો આવી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

દિવાળીના તહેવાર નજીકમાં છે અને ઠગબાજો પણ લોકોને ખંખેરવા સક્રિય બન્યાં છે. તહેવારોમાં ફેક મેસેજની પણ ભરમાર છે આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તહેવારોમાં ફેક મેસેજને લઈને એક એલર્ટ જાહેર કર્યું છે.

વોટ્સએપ પર દિવાળી ગિફ્ટનો મેસેજ પણ કંગાળ કરી શકે છે અને તમારે લાખો રુપિયા ગુમાવાનો વારો આવી શકે છે. તહેવારોમાં ચેતવા જેવી એક મોટી ઘટના સામે આવી છે. બેંગ્લુરુમાં એન્જિનિયરની નોકરી કરતાં એક શખ્સને વોટ્સએપ પર દિવાળી ગિફ્ટનો મેસેજ આવ્યો હતો અને તેને ખોલવામાં તેના ૪.૫ લાખ રુપિયાનો ચૂનો લાગ્યો હતો. આ એન્જિનિયરને તેના વોટ્સએપ પર બોસને નામે મેસેજ આવ્યો હતો કે હું મીટિંગમાં બિઝી છું અને તમારા ફોન પર એક વાઉચર કોડ મોકલ્યો છે તે બધાને શેર કરી દેજો ભેટનો છે પછી એન્જિનિયર તે પ્રમાણે કર્યું તેમાં તેના ખાતામાંથી ૪.૫ લાખ રૂપિયા કપાઈ ગયાં હતા. આ પછી એન્જિનિયરને સમજાયું કે તેની સાથે ઠગાઈ થઈ છે. એચઆર વિભાગ અને બોસને જાણ કરતાં તેને ખબર પડી કે આવો કોઈ મેસેજ હકીકતમાં કરાયો નથી. એન્જિનિયરે બીજા દિવસે બેલાંદુર સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં એફઆઈઆર નોંધાવી.

પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે, અન્ય લોકોને સમાન કૌભાંડોથી સાવચેત રહેવા ચેતવણી આપી છે. દિવાળીના તહેવારો આવતાં ઠગબાજો પણ સક્રિય બન્યાં છે અને તેઓ પણ અવનવી રીતે પૈસા પાડવા સક્રિય બન્યાં છે.

### ૩ ટેસ્ટ મેચોની સીરિઝની ત્રીજી મેચ મુંબઈમાં રમાશે

# ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટ ૧ નવેમ્બરથી રમાશે

## કીવી ટીમ સીરિઝને પહેલા જ પોતાના નામે કરી ચૂકી છે, હવે ભારતીય ટીમની નજર વાઈટવોશથી બચવા પર છે

નવી દિલ્હી, તા.૨૯

ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ૩ ટેસ્ટ મેચોની સીરિઝની ત્રીજી મેચ મુંબઈમાં ૧ નવેમ્બરથી રમાશે. કીવી ટીમ બેંગ્લુરુ અને પુણેમાં મેચ જીતીને સીરિઝને પહેલા જ પોતાના નામે કરી ચૂકી છે. હવે ભારતીય ટીમની નજર વાઈટવોશથી બચવા પર છે. ન્યૂઝીલેન્ડે ભારતની ૧૨ વર્ષની ઘરઆંગણાની ટેસ્ટ અજેયતાને તોડીને ઈતિહાસ રચ્યો છે. હવે તે રોહિત શર્માની ટીમનો વધુ એક રેકોર્ડ તોડવાનો પ્રયાસ કરશે. મુંબઈમાં રોહિત એન્ડ કંપનીનું સન્માન દાવ પર હશે.

ન્યૂઝીલેન્ડ ત્રણ યા વધુ ટેસ્ટ મેચોની સીરિઝમાં ભારતને વ્હાઈટવોશ કરનાર પહેલી ટીમ બની શકે છે. ભારતના ટેસ્ટ ઈતિહાસમાં અત્યાર સુધી આવું ક્યારેય થયું નથી. કોઈ પણ ટીમે તેણે ઘરેલૂ મેદાન પર વ્હાઈટવોશ કર્યું નથી. ન્યૂઝીલેન્ડની પાસે આવું કરવાનો મોકો છે. હવે જોવાનું છે કે ભારતીય ટીમ મુંબઈ ટેસ્ટમાં કેવી રીતે વાપસી કરે છે.

ભારત છેલ્લે ૨૦૦૦માં ઘરેલૂ મેદાન પર કોઈ સીરિઝમાં એક પણ ટેસ્ટ મેચ જીતી શકી નહોતી. સાઉથ આફ્રિકાએ બે મેચોની સીરિઝ ૨-૦થી જીતી હતી. તે સમયે સચિન તેંદુલકર ટીમના કેપ્ટન હતા. આ સીરિઝમાં ભારત ચાર ઈનિંગમાં ૨૫૦ રનનો આંકડો પણ પાર કરી શકી નહોતી. સાઉથ આફ્રિકાના કેપ્ટન તે સમયે હેંસી ક્રોનિએ હતા.

ત્રણ મેચોની ટેસ્ટ સીરિઝની વાત કરીએ તો છેલ્લા ભારત ૧૯૯૭માં શ્રીલંકા વિરુદ્ધ એક પણ મેચ જીતી શકી નહોતી. તે સમયે પણ સચિનન તેંદુલકર કેપ્ટન હતા અને શ્રીલંકાની કેપ્ટનશિપ અર્જૂન રત્નાતુંગા કરી રહ્યા હતા. રોહિત શર્મા અને તેમની ટીમ હવે એક ખરાબ રેકોર્ડ બનાવવાના કગાર પર છે.

આ કારણથી તમામની નજર ભારતના અભિગમ પર હશે કારણ કે હવે ભારતની ઉ્ઝ ફાઈનલમાં સ્થાન બનાવવાની સંભાવના પર દાવ પર લાગેલી છે. વાનખેડે સ્ટેડિયમની પીચ પર પણ ધ્યાન રહેશે કારણ કે પુણેમાં ભારતને સ્પિનની મદદગાર પીચ પર હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતને હવે લગભગ દરેક મેચ જીતવી પડશે જેથી WTC ફાઈનલમાં સ્થાન બનાવી શકે.

# FY'25 ના બીજા ત્રિમાસિકમાં અંબુજા સિમેન્ટ્સે સ્થિર પ્રદર્શન જાળવી રાખ્યું

## વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૯% વૃધ્ધિ સાથે ૧૪.૨ મિલિયન ટન, છેલ્લા પાંચ વર્ષની બીજા ક્વાર્ટરની શ્રેણીમાં સૌથી વધુ વોલ્યુમ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૯

ભારતની સૌથી મોટી સિમેન્ટ અને બાંધકામ સામગ્રીઓની કંપનીમાંની એક અને વૈવિધ્યસભર અદાણી જૂથના એક અંગ બનેલી સૌથી વિશ્વસનીય લેગસી સિમેન્ટ બ્રાન્ડ અંબુજા સિમેન્ટ્સે નાણાકીય વર્ષ'૨૫ ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધ-વાર્ષિક સમયગાળા દરમિયાન નાણાકીય સ્થિરતા જાળવી રાખી હોવાની આજે નાણાકીય કામગીરીની આજે જાહેરાત કરી છે. કંપનીના આ પ્રદર્શનમાં વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૯% વૃધ્ધિ સાથે ૧૪.૨ મિલિયન ટન થયું છે. છેલ્લા પાંચ વર્ષની બીજા ક્વાર્ટરની શ્રેણીમાં આ સૌથી વધુ વોલ્યુમ છે. વાર્ષિક ધોરણે ત્રિમાસિક આવક ૧% વધીને રુ.૭,૫૧૬ કરોડ થઈ છે.જ્યારે ઓપરેટિંગ EBITDA રૂા.૧,૧૧૧, મેટ્રિક ટન દીઠ Rs. ૭૮૦, સાથી વ્યવસાયોમાં સૌથી વધુ ૧ EBITDA માર્જિન ૪.૮%ઃ રોકડ અને રોકડ સમકક્ષ રૂા.૧૦,૧૩૫ કરોડ નોંધાવી છે. કંપનીની નેટ વર્થ વધીને રૂા. ૫૯,૯૧૬ કરોડે પહોંચી છે. આ તમામ હકારાત્મક પરિબળો ઉપરાંત સ્વસ્થ વોલ્યુમ વૃદ્ધિ, કામગીરીના વધતા વ્યાપ, હસ્તગત કરેલ અસ્કયામતોનું મૂલ્ય નિષ્કર્ષણ, ખર્ચાઓ સંબંધી કામગીરી માટે સક્ષમ નેતૃત્વ, કામકાજની કાર્યક્ષમતામાં સુધારો અને જૂથ સમન્વયના મજબૂત ટેકાથી નાણાકીય સ્થિરતા જાળવવામાં આવી છે.

અંબુજા સિમેન્ટસના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સી.ઈ.ઓ. અજય કપૂરે જણાવ્યું હતું કે અમારી વૃદ્ધિની બ્લુપ્રિન્ટ સાથે જોડાયેલા કાર્યક્ષમતામાં નવા કિર્તીમાન સ્થાપવા માટે સંરેખિત અન્ય પરિબળો સાથે સતત પ્રદર્શન જાળવી રાખવાનો આનંદ છે. ઓરિએન્ટ સિમેન્ટના રૂા.૮,૧૦૦ કરોડના ઈક્વિટી મૂલ્ય પર ૪૬.૮% શેરના સંપાદનના સફળ સોદા બાદ અમે આ નાણાકીય વર્ષના અંત સુધીમાં ૧૦૦ MTPA ક્ષમતા હાંસલ કરવા માટે સજ્જ છીએ.

IRENA (ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી)ની પહેલ એલાયન્સ ફોર ઈન્ડસ્ટ્રી ડેકાર્બોનાઈઝેશન (AFID)માં જોડાનાર અંબુજા સિમેન્ટ્સ વિશ્વની પ્રથમ સિમેન્ટ કંપની બની છે. મેટ્રિક ટન દીઠ ઓપરેટિંગ કોસ્ટ રૂા. ૪,૪૯૭ જે વાર્ષિકધોરણે ગણતા મેટ્રિક ટન દીઠ ૪% લેખે રૂ. ૧૮૪ નો સુધારો દર્શાવે છે.

ત્રિમાસિકમાં EPS રૂા.૧.૮૫ રહ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે ઈકોનોમિક્સ ટાઈમ્સ દ્વારા અંબુજાને 'ભારતની આઈકોનિક બ્રાન્ડ્સ ૨૦૨૪'માં માન્ય ગણવામાં આવી છે.

# જૂનાગઢ સંગીત વિદ્યાલય ખાતે સરસ્વતી પૂજન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૯

વાક્ બારસ નિમિતે જૂનાગઢ સપ્તક સંગીત વિદ્યાલય ખાતે કલાસધકો દ્વારા સરસ્વતીજીનું પૂજન અર્ચનનો કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૮મી ના રોજ જૂનાગઢ સ્થીત સપ્તક સંગીત વિદ્યાલય ખાતે પરંપરા અનુસાર વાક્ બારસ નિમિતે વાણી, વિદ્યા અને સંગીતના આરાધ્ય દેવી માતા સરસ્વતીજીનું પૂજન અર્ચન સાથે સમૂહ સ્તુતિ વંદના કરિ સ્વરભિષેક ભાવપૂર્વક કરવામાં આવી હતી. આ તકે વિવિધ ક્ષેત્રનાં કલાકારો દ્વારા કરવામાં આવેલ આ પૂજન કાર્યક્રમમાં જાણીતા શાસ્ત્રીય ગાયક વિપુલ ત્રિવેદી, લોકગાયક રાજુ ભટ્ટ, નીરૂબેન દવે, ચિંતન લાઠિગરા, દર્પિત દવે, ધ્વનિત ત્રિવેદી, આદિત્ય ત્રિવેદી, અવધ ભટ્ટ, ઋષી રાવલ પાર્થ હિન્દોચા, હેત વ્યાસ, તુષાર પંડ્યા, હર્ષ ઠાકર, તનય પુરોહીત, રિધમ લાઠિગરા, ધારા બુદ્ધ, લબ્ધિ ભટ્ટ, નિષ્ઠા નરસાના, હિર રાવલ, તુલશી દવે સહિતનાં કલાસાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદરના ભલગામ મિડલ સ્કૂલના નિવૃત્ત કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો



(વિનુ પુરોહતી દ્વારા) વિસાવદર, તા.૨૯

વિસાવદર તાલુકાના મીડલ સ્કૂલ ભલગામ ખાતે શિક્ષક શ્રી સાવલિયા તેમજ વહીવટી કારણોસર અન્ય શાળામાં જતા કર્મચારી શ્રી પરમારનો વિદાયનો કાર્યક્રમ શાનદાર રીતે યોજવામાં આવેલ શાળા પરિવાર વતી બંને શિક્ષકોનું મોમેન્ટો આપી તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ વય નિવૃત થતા કર્મચારીએ શ્રી સાવલિયાએ શાળાને રૂપિયા ૧૧,૦૦૦નું ઈન્વર્ટર માટે બેટરી ખરીદવા ભેટ આપેલ છે તમામ કર્મચારીઓના સાથ અને સહકારથી આ વિદાય નો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ શાળાના તમામ વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ફરજ ઉપર જતા શ્રી પરમારે નાસ્તો કરાવેલ તેમજ સરપંચ તેમજ ગ્રામ પંચાયતના સભ્ય દ્વારા નિવૃત શિક્ષકને નિવૃત્તના સમયમાં સેવાકીય પ્રવૃત્તિ કરી વધુ લોક ઉપયોગી કામ કરે તેમજ અન્ય શાળામાં વહીવટી કારણોસર જતા કર્મચારીને અન્ય સ્કૂલમાં પણ ભારતનું ભવિષ્યનું ઘડતર સારી રીતે કરે તેવી શુભકામનાઓ પાઠવે આવેલ હતી.

### LPGથી માંડી ક્રેડિટ કાર્ડ સુધી નિયમો બદલાશે

# પહેલી નવેમ્બરથી બદલાશે ૬ નિયમ, દરેકના ખિસ્સા ઉપર થશે અસર!

નવી દિલ્હી, તા.૨૯

ઑક્ટોબર મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે નવેમ્બરના પ્રથમ દિવસથી અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. જેમાં એલપીજી સિલિન્ડરની કિંમતોમાં સંભવિત ફેરફારો અને ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. જાણીએ કે નવેમ્બરમાં કયા ફેરફારો થશે.

દર મહિનાની પહેલી તારીખે પેટ્રોલિયમ કંપનીઓ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર કરે છે. ૧ નવેમ્બરના રોજ પણ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર થવાની સંભાવના છે, ખાસ કરીને ૧૪ કિલોના ઘરેલુ સિલિન્ડર માટે, જેની કિંમત લાંબા સમયથી સ્થિર છે. તેમજ તાજેતરના મહિનાઓમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો સતત વધી રહી છે.

આ સાથે, એર ટર્બાઈન ફ્યુઅલ (ATF) અને CNG-PNGના ભાવ પણ બદલાઈ શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં હવાઈ ઈંધણના ભાવમાં ઘટાડો થયો છે અને આ વખતે પણ ઘટાડો થવાની ધારણા છે.

સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા (SBI) એ ૧ નવેમ્બરથી તેના ક્રેડિટ કાર્ડ્સ પર નવી ફી લાગુ કરવાની જાહેરાત કરી છે. તે પ્રમાણે અનસિક્યોર્ડ SBI ક્રેડિટ કાર્ડ્સ પર દર મહિને ૩.૭૫% ફાઈનાન્સ ચાર્જ અને વીજળી, પાણી અને ગેસ જેવી ઉપયોગિતા સેવાઓ માટે રૂ. ૫૦,૦૦૦ થી વધુની ચુકવણી પર ૧% વધારાનો ચાર્જ લાગશે.

માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડમાં ઈનસાઈડર ટ્રેડિંગના નિયમો કડક બનાવ્યા છે. નવા નિયમો હેઠળ, એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ નોમિનીના ૧૫ લાખ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શનની જાણ અધિકારીને કરવી પડશે. ટેલિકોમ સેક્ટરમાં ૧ નવેમ્બરથી નવા નિયમો લાગુ કરવામાં આવશે, જેમાં ટેલિકોમ કંપનીઓને સ્પામ નંબર બ્લોક કરવાની સૂચના આપવામાં આવી છે. જે યુઝરને સુરક્ષિત અને વિશ્વસનીય સેવા આપશે. નવેમ્બરમાં વિવિધ તહેવારો અને વિધાનસભાની ચૂંટણીઓને કારણે બૅંક ૧૩ દિવસ બંધ રહેશે. જો કે, તમે આ રજાઓ દરમિયાન પણ ઓનલાઈન બૅંકિંગ સેવાઓનો ઉપયોગ કરી શકો છો, જે ૨૪૮૭

### આંતરરાષ્ટ્રીય તેલીબિયાં બજારોમાં "બ્રાન્ડ ઈન્ડિયા" માટે આશાસ્પદ ભવિષ્ય

# મિશન ફોકસ મુખ્ય પ્રાથમિક તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં વધારો કરશે : IOPEPCના અધ્યક્ષ રૂતુપર્ણા ડોલે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૯

ભારતીય તેલીબિયાં અને ઉત્પાદન નિકાસ પ્રમોશન કાઉન્સિલ (IOPEPC), મંત્રાલય હેઠળ વાણિજ્ય & ઉદ્યોગ, ભારત સરકાર, તેલીબિયાંના નિકાસ પ્રોત્સાહન માટે ૨૫મી ઓક્ટોબરથી ૨૭મી ઓક્ટોબર IOPEPC ની ૬ઠ્ઠી વૈશ્વિક તેલીબિયાં પરિષદ (IGOC 2024) નું આયોજન વેસ્ટિન, ગોવામાં કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સના અતિથિશ્રીઓ સંતોષ સારંગી, IAS, અધિક સચિવ અને ડાયરેક્ટર જનરલ, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ, વાણિજ્ય મંત્રાલય અને ઉદ્યોગ, ભારત સરકાર, અને શ્રી અભિષેક દેવ, IAS, અધ્યક્ષ, કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA), નવી દિલ્હી.IOPEPC એ સંભારણું ૨૦૨૪ બહાર પાડ્યું, જેમાં મહાનુભાવોના સંદેશાઓ અને લેખો વૈજ્ઞાનિક અને વેપારી સમુદાયોના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા તેલીબિયાંનું યોગદાન અંગે OPEPCના અધ્યક્ષ શ્રી રૂતુપર્ણા ડોલેએ નવીનતમ સીમાચિહ્ન માટે આભાર વ્યક્ત કરતા કહ્યું કે, માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની પહેલ ઘરેલું ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો છે. તેલીબિયાંનું ઉત્પાદન અને ખાદ્યતેલોમાં આત્મનિર્ભરતા (આત્મનિર્ભર ભારત) હાંસલ કરવા મિશન ૨૦૨૪-૨૫ થી ૨૦૩૦-૩૧ ના નાણાકીય ખર્ચ સાથે સાત વર્ષના સમયગાળામાં અમલમાં મૂકવામાં આવશે. રૂ.૧૦,૧૦૩ કરોડ.મિશન ફોકસ મુખ્ય પ્રાથમિક તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં વધારો કરશે.

મગફળી, તલ, ઉચ્ચ ઉપજ આપતા ઉચ્ચ તેલને અપનાવવાને પ્રોત્સાહન આપીને આ પ્રાપ્ત થશે, સામગ્રીની બીજની જાતો, ચોખાના પડતર વિસ્તારોમાં ખેતી વિસ્તરે છે, આંતર પાકને પ્રોત્સાહન આપવું. નિકાસની સંભવિતતા પર પ્રકાશ પાડતા, તેમણે કહ્યું કે, જેમ આપણે આપણું સ્થાનિક ઉત્પાદન મજબૂત કરીએ છીએ, અમે સ્થાનિક માંગને પહોંચી વળવા અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તકો મેળવવા માટે અમારી જાતને સ્થાન આપીએ છીએ.

"બ્રાન્ડ ઈન્ડિયા" માટે ભવિષ્ય આશાસ્પદ લાગે છે. તેલીબિયાં ક્ષેત્રમાં તલના બીજની નિકાસ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાઓ (SOP) અંગે, IOPEPC અધ્યક્ષે જણાવ્યું હતું કે, IOPEPC દ્વારા અમલમાં મૂકાયેલ SOPs સંરેખિત કરવા માટેના માળખા તરીકે કામ કરે છે. ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા ધોરણો સાથે ભારતીય નિકાસ આયાત કરતા દેશો દ્વારા જરૂરી છે. આ સક્રિય અભિગમ માત્ર અનુપાલનને સમર્થન આપે છે પરંતુ તે માટે મૂલ્યવાન ડેટા સંગ્રહને પણ સક્ષમ કરે છે. વ્યૂહાત્મક બજાર આંતરદષ્ટિ. ડેટા એનાલિટિક્સ દ્વારા, IOPEPC નો ઉદ્દેશ સંભવિત બજારોને ઓળખવાનો છે, એ વૈશ્વિક કૃષિ બજારોમાં વિશ્વસનીય સપ્લાયર.

ઓનર ગેસ્ટ ઓફ ઓનર, માનનીય શ્રી સંતોષ સારંગી, IAS, ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, વાણિજ્ય મંત્રાલય ઈન્ડસ્ટ્રીએ તેમના ઉદઘાટન પ્રવચનમાં હાથ ધરેલા કામની પ્રશંસા કરી હતી. IOPEPC દ્વારા તલના બીજની નિકાસ માટે ગુણવત્તા અનુપાલન પ્રક્રિયાઓની ખાતરી કરવા માટે ભારત. તેમણે નોંધ્યું હતું કે જ્યારે તેલીબિયાંનું વર્તમાન યોગદાન લગભગ ૧.૪ બિલિયન યુએસડી છે, ત્યાં ભારતની નિકાસમાં વધારો કરવાની પ્રચંડ સંભાવના છે, જે ૨૦૩૦ સુધીમાં ૪ થી ૫ બિલિયન યુએસડી સુધી પહોંચશે. ભારતના તેલીબિયાંમાં ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા પર IOPEPC નું ધ્યાન પણ અવલોકન કર્યું. સેક્ટર, મૂલ્ય વર્ધિત ઉત્પાદનોના મહત્વ પર ભાર મૂકે છે અને "બ્રાન્ડ ઈન્ડિયા" ને પ્રોત્સાહન આપે છે.

સન્માનિત અતિથિ શ્રી અભિષેક દેવ, IAS, APEDA ના અધ્યક્ષ, તેમના ઉદ્ઘાટન પ્રવચનમાં જણાવ્યું કે APEDA ભારતમાંથી મગફળીની નિકાસને પ્રોત્સાહન આપવા માટે IOPEPC સાથે મળીને કામ કરી રહી છે. કાઉન્સિલ દ્વારા એક પાક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મગફળી અને તલ-ઉત્પાદક રાજ્યો. નીચે ૨૦૨૪ની ખરીફ સિઝન માટે પાક સર્વેક્ષણનો સારાંશ છે. તલ અને મગફળી માટે ખરીફ પાકનું દશ્ય ૨૦૨૪ ભારતમાંથી થતી તેલીબિયાંની નિકાસમાં મગફળી અને તલ મળીને ૯૦% થી વધુ હિસ્સો ધરાવે છે. આશરે ૭૫-૮૦% રાષ્ટ્રીય મગફળી ઉત્પાદન અને ૬૦-૬૫% તલ ઉત્પાદન ખરીફ સીઝન દરમિયાન થાય છે. તેથી, આ બે પાકો IOPEPC નું પ્રાથમિક ધ્યાન છે. IOPEPC અને APEDA એ સંયુક્ત રીતે RMSI ને ખરીફ મગફળીના પાક સર્વેનું કામ સોંપ્યું, Cropalytics Pvt Ltd, પાકના અંદાજ માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતી એજન્સી. ખરીફ પાકના અંદાજ માટે આ ર એ મ એ સ આ ઈ ક્રોપલિટીક્સ પ્રાઈવેટ લિમિટેડને તલ પાક સર્વેક્ષણ પણ સોંપવામાં આવ્યું હતું. IOPEPC કૃષિની ચોકસાઈ વધારવામાં રિમોટ સેન્સિંગની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે આકારણીઓ આ પહેલનો ઉદ્દેશ્ય હિસ્સેદારોને પાકના સ્વાસ્થ્ય અંગે મૂલ્યવાન આંતરદષ્ટિ પ્રદાન કરવાનો છે અને ઉપજની સંભવિતતા, આખરે ભારતની તેલીબિયાં નિકાસ વ્યૂહરચનાને સમર્થન આપે છે. આ સક્રિય અભિગમ વૈશ્વિક તેલીબિયાં બજારમાં ભારતની સ્થિતિને મજબૂત કરવા અને તેમાં સુધારો કરવા માંગે છે આ મહત્વપૂર્ણ પાકો સાથે સંકળાયેલા ખેડૂતોની આજીવિકા.

કાઉન્સિલ દ્વારા પાક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં સાત મુખ્ય મગફળી ઉત્પાદકોને આવરી લેવામાં આવ્યા હતા રાજ્યો-આંધ્ર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, અને ઉત્તર પ્રદેશ- અને ચાર મુખ્ય તલ-ઉત્પાદક રાજ્યો-ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, અને ઉત્તર પ્રદેશ.

ભારતમાં કુલ ખરીફ-૨૦૨૪ મગફળીનું કવરેજ ૪૬,૫૫,૮૭૨ હેક્ટર હતું. ઉત્પાદન છે. ૧,૬૯૩ kg/ha ની સરેરાશ ઉપજ સાથે ૭૮,૮૪,૬૪૧ ટનનો અંદાજ છે. ઉત્પાદનમાં ગુજરાત મોખરે છે, ૩૯,૮૧,૪૬૧ ટન સાથે ટન (રાષ્ટ્રીય ઉત્પાદનના ૫૦%), ત્યારબાદ રાજસ્થાન ૧૭,૧૨,૦૬૪ સાથે ટન (૨૨%), મધ્યપ્રદેશ ૮,૭૭,૭૮૦ ટન (૧૧%), ઉત્તર પ્રદેશ ૩,૧૭,૮૨૭ સાથે ટન (૪%), કર્ણાટક ૧,૮૨,૦૯૪ ટન (૨.૩%), મહારાષ્ટ્ર ૧,૩૨,૩૦૮ ટન (૧.૭%), અને આંધ્ર પ્રદેશ ૧,૦૯,૨૪૪ ટન (૧.૪%) સાથે. અન્ય રાજ્યો સંયુક્ત રીતે અંદાજિત યોગદાન આપે છે ૫,૭૧,૮૬૫ ટન (૭.૨%). ભારતમાં કુલ ખરીફ-૨૦૨૪ તલનું કવરેજ ૯,૯૭,૭૬૯ હેક્ટર હતું. કુલ ઉત્પાદન છે ૧૫૬ kg/ha ની સરેરાશ ઉપજ સાથે ૧,૫૬,૦૯૦ ટનનો અંદાજ છે. મુખ્ય ઉત્પાદન વચ્ચે રાજ્યોમાં, ઉત્તર પ્રદેશ ૪૨,૮૭૭ ટન (૨૭%) સાથે સૌથી વધુ ફાળો આપનાર છે, ત્યારબાદ રાજસ્થાન છે ૪૧,૫૮૦ ટન (૨૬%), મધ્યપ્રદેશ ૩૫,૩૦૨ ટન (૨૨%) સાથે અને ગુજરાત ૯,૨૦૮ સાથે ટન (૫.૮%). મગફળીનો વાવેતર વિસ્તાર ૪૬,૫૫,૮૭૨ હેક્ટર છે. જે ગયા વર્ષ ૨૦૨૩ ની સરખામણીમાં ૫.૭% વધ્યો છે., ખરીફ મગફળીનું ઉત્પાદન ૭૮,૮૪,૬૪૧ ટન હોવાનો અંદાજ છે જે ગયા વર્ષ કરતાં ૧૩% વધ્યો છે., ગુજરાતમાં ૧૮,૯૮,૩૮૨ હેક્ટર વિસ્તાર સાથે ખરીફ મગફળીનો વાવેતર વિસ્તાર સૌથી વધુ છે., એ જ રીતે ઉત્પાદનની દ્રષ્ટિએ પણ ગુજરાત ૩૯,૮૧,૪૬૧ ટનના યોગદાન સાથે યાદીમાં ટોચ પર છે., ૨,૦૯૭ kg/ha ની એકંદર ઉપજ સાથે ગુજરાત ઉપજની યાદીમાં ટોચ પર છે.

## ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા દ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

વૈશ્વિક નેતા અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જૂનાગઢ મહાનગર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ પુનિતભાઈ શર્માજીએ તેઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

## ખંભાળિયામાં સ્વામિનારાયણ સંતોની પધરામણી : આશિર્વચન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી પ્રેમસ્વરૂપ સ્વામી - યોગીધામ, સોખડા (વડોદરા)થી શ્રી ત્યાગ વલ્લભસ્વામી (આત્મીય યુનિવર્સિટી, રાજકોટ) તેમજ અન્ય સંતોનું ખંભાળિયામાં આગમન થયું હતું. આ સંતોએ તાલુકાના સલાયા ગામની હાઈસ્કૂલમાં ફરજ બજાવતા આચાર્ય જગમાલભાઈ ભેટારીયાના ઘરે પધરામણી કરતા અહીં સ્થાનિક લોકો, આગેવાનો તેમજ શિક્ષણવિદોએ દર્શન તેમજ આરતીનો લાભ લીધો હતો.

## જૂનાગઢ જીલ્લામાં ઉના અકાળે મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકામાં બે જયારે વંથલીમાં એકનું મોત થયાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદના ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતા બીપીનભાઈ વીરાભાઈ મારૂ(ઉ.વ.૫૭)ને બીપીની અને કેન્સરની બીમારી હોય જે બીમારીથી કંટાળી ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું મૃતકના પુત્ર ધવલભાઈએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી જયારે કેશોદના લુશાળા ગામે રહેતા રૂપાબેન બાબુભાઈ ડાભી (ઉ.વ.૭૫) છેલ્લા બે વર્ષથી માનસીક અસ્થિર હોય અને અવાર નવાર રેલ્વે પાટા ઉપર રેલ્વે પાટા ઉપર ચાલીને જતા રહેતા હોય ત્યારે ગઈકાલે ડેરવાણ બાજુ ચાલીને જતા હોય દરમ્યાન ટ્રેન હડફેટે આવી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું મૃતકના પુત્ર કાનાભાઈએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. તેમજ વંથલી ભાણાવાવ મંદિરે સ્લેબ તોડવાનું કામ કરી રહેલ ધર્મેશભાઈ ધીરૂભાઈ પરમાર (ઉ.વ.૩૦) પહેલા માળેથી અચાનક નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું ભુપતભાઈ બાલુભાઈ પરમારે વંથલી પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી.

## નૂતન વર્ષ નિમિતે જૂનાગઢમાં કડવા પાટીદાર પરિવારનું સ્નેહમિલન

જૂનાગઢ તા.૨૯

નૂતન વર્ષના પર્વ પ્રસંગે જૂનાગઢ શહેરમાં કોર્પોરેશન વિસ્તારમાં રહેતા પડવા પાટીદાર પરિવારનું નૂતન વર્ષનું સ્નેહમિલન તા.૦૧-૧૧-૨૦૨૪ શુક્રવાર સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમ્યાન જાગાણી પટેલ સમાજ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે કડવા પાટીદાર પરિવારોને સહ કુટુંબ સ્નેહમિલન અને અલ્પાહારમાં સહભાગી થવા શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.


ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૨૪-૨૫

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના પેટા વિભાગ નં.૭/૩, ૨/૩, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ પીન નં.૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૩૧૩૦૧) તરફથી રીપ્લેસીંગ ઓલ્ડ ઇલેક્ટ્રીક સ્વીચીસ, સ્વીચ બોર્ડ્સ, ફેન એન્ડ વીથ ન્યુ લાઇટ્સ એટ ઇરીગેશન રેસ્ટ હાઉસ, જુનાગઢના કામ માટે જુનાગઢ શહેરના ઇલેક્ટ્રીકલ આર્ટિકલના ડિલરો પાસેથી બંધ કવરમાં ભાવ માંગવામાં આવે છે. ઉક્ત વિષયના કામ અંગે ભાવ પહોંચાડવાની છેલ્લી તારીખ.૦૫/૧૧/૨૦૨૪ના ૧૭-૦૦ કલાક સુધી રહેશે. આવેલ ભાવો શક્ય હશે તો તે જ દિવસે ખોલવામાં આવશે. આ કામની વિગતવાર વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/જૂના/૫૮૯/૨૦૨૪


## સોમનાથ-વેરાવળમાં આજે ફોટોગ્રાફર મિત્રમંડળ કેમેરાઓનું પુજન કરશે



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૯

સોમનાથ પ્રભાસ પાટણમા વેરાવળ ખાતે આજે બપોરે ૩ વાગ્યે ફોટો સ્ટુડીયો ધારકો પોતાના કેમેરાઓનું પુજન કરશે. ધનતેરસનો શુભ યોગ અને ફોટોગ્રાફરો માટે કેમેરા એ આજીવીકા અને લક્ષ્મી સમાન હોય, જેથી પ્રતિવર્ષ આ પુજન કરાય છે. વેરાવળના હરસિધ્ધી આઈસ્ક્રીમ પાસે આવેલ સિધ્ધી સ્ટુડીયોમાં આ પુજન યોજાયેલ છે.


પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ

ફોન: ૦૨૮૫-૨૬૨૨૧૬૭/૨૬૨૨૧૭૬ ફેકસ ૦૨૮૫-૨૬૫૭૬૯૫

www.pgvcl.com. & http://guj-epd.gov.in

નિવિદા-૨૯૭/૨૦૨૪

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓનાં જુદા-જુદા કામો, માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોકત વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ www.pgvcl.com અને ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીનાં નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨ — અધિક્ષક ઈજનેર (સં.નિ.) જૂનાગઢ

ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રનાં હિત માટે



શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ

(મું. વડાલ વાળા)



નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કેયુ હિતેષભાઈ ભાલોડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કેયુબેન હિતેષભાઈ ભાલોડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કેયુબેન હિતેષભાઈ ભાલોડીયા**

બ્લોક નં.૪૦૨, માલકોશ એપાર્ટમેન્ટ, સરગમ રેસીડેન્સી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮

નક્ષત્ર – જયોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?

શું તમારો ધંધો મંદો ચાલે છે ?

શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?

શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



Exiting Offers contact for more information

Trans Globe

Global Education Specialists

Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe

Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available

Expert Test Preparations :

IELTS / PTE / TOEFL

2 Years Post Study work visa Granted**

Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy

Directly dealing with Universities & Visa Office

Trans Globe, 214-216, Raijinagar Compex, Opp. Moti Palace Appartment, Junagadh.

M : 88663 28027, 94094 30348, 75673 51066


Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com





"Chiropratic"

ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.




"Tera- Herts"

ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઇબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રક્ત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"

શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"

ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રક્ત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal

Chiropratic & Bone Setting

યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)

સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી

મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮

ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# આજે ધનતેરસ : જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રની બજારોમાં તેજી



## ચીજવસ્તુઓ ઉપરાંત સોના-ચાંદીની ખરીદી : બજારોમાં ભારે ભીડ

જૂનાગઢ તા.૨૯ દિપાવલીના તહેવારોની શ્રૃંખલાઓનો ગઈકાલથી શુભારંભ થયો છે અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં બજારોમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે. આજે મંગળવારે ધનતેરસના શુભ પર્વે પણ સૌરાષ્ટ્રભરની માર્કેટોમાં લોકો ઉત્સાહભેર વિવિધ વિસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. ઉપરાંત આજે સોના-ચાંદીની બજારોમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે.

દિપાવલીના તહેવારો આવે એટલે લોકો અનેક પ્રકારની ચીજ-વિસ્તુઓ ખરીદતા હોય છે. ખાસ કરીને ગુરૂપુસ્ય યોગ તેમજ ધનતેરસ જેવા પર્વ ઉપર પણ મોટેપાયે ખરીદી થતી હોય છે જેમાં તહેવારોના આ દિવસો દરમ્યાન લોકો વાહનની ખરીદી કરતા હોય છે. ઉપરાંત નવા મકાનની ખરીદી વાસ્તુ તેમજ વ્યવસાય માટેની દુકાનોની પણ ખરીદી થતી હોય છે. આ ઉપરાંત તહેવારોના દિવસોમાં લોકો સોના-ચાંદીના દાગીનાઓની પણ ખરીદી કરતા હોય છે ત્યારે આજે ધનતેરસના આ શુભ દિવસે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં પણ આજે તમામ બજારોમાં ભારે ખરીદી નીકળી છે. લોકોએ જરૂર પુરતા તેમજ હોંશે હોંશે નવા વર્ષમાં સોના-ચાંદીના દાગીનાની પણ ખરીદી કરી રહ્યા છે. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને ઉત્સાહભેર મનાવવા અને તમામ પ્રકારની ખરીદીમાં પણ લોકો જોડાયા છે અને આ તહેવારોની ઉજવણી હટકે કરવાનું જાણે મન બનાવી લીધું હોય તેમ સવારથી મોડી રાત્રી સુધી સૌરાષ્ટ્રના બજારોમાં ઠેર-ઠેર ખરીદી જોવા મળી હતી અને લોકોની ભારે ભીડ જોવા મળી હતી. આપણે ત્યાં દિપાવલી અને નૂતન વર્ષની ઉજવણી બાદ વ્યવસાય સંકુલો ઉપર લાભ પાચમ સુધી કામકાજ બંધ રાખવામાં આવે છે એટલે કે, ટૂંકુ વેકેશન પડતું હોય છે અને લાભ પાચમથી ફરી બજારો શુભ મૂર્હતે શરૂ થતી હોય છે. દેવદિવાળી પછી લગ્નની સીઝન પણ શરૂ થતી હોય, ત્યારે દિપાવલીના તહેવારોથી બજારોમાં જે રોનક જોવા મળે છે અને તેજીનો દોર જે શરૂ થયો છે તે દેવદિવાળી બાદ લગ્નસરાની મોસમમાં પણ પુર બહારમાં ખીલી ઉઠશે. સૌરાષ્ટ્રની તમામ બજારોમાં નવા વર્ષના આગમન સમયે તેજીનો સંચાર થયો છે.


સત્યમેવ જયતે ભારત સરકાર | ભારતીય ડાક India Post



યુવા ઉર્જાથી વિકસીત ભારતનાં સંકલ્પને મજબૂતી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા

રોજગાર મેળા અંતર્ગત

૫૧,૦૦૦થી વધુ સરકારી નોકરીઓમાં પસંદગી પામેલા યુવાઓને ૪૦ સ્થળો પર નિમણુંક પત્રોનું વિતરણ

૨૯ ઓક્ટોબર, ૨૦૨૪ | સવારે : ૧૦.૩૦ કલાકે

(વિડીયો કોન્ફરન્સીંગનાં માધ્યમથી)

- ભારત સરકાર અને સહયોગી રાજ્ય સરકારો દ્વારા મળીને રોજગારનાં લાખો અવસરોનું સર્જન
- પેપર લીક વિરૂધ્ધ કડક કાનૂન લાવી યુવાઓનાં ભવિષ્ય સાથે ખીલવાડ પર લગાવ્યો અંકુશ
- ઓનલાઈન સિસ્ટમથી ખાલી પદો અને ભરતી પ્રક્રિયા પર નિરંતર નજર
- મહિલાઓ, દિવ્યાંગજન અને આંકાક્ષી જીલ્લાઓમાં ઉમેદવારોને વિશેષ લાભ
- યુપીએસસી, એસએસસી, રેલ્વે ભરતી બોર્ડ અને આઈબીપીએસ જેવી પ્રતિષ્ઠિત એજન્સીઓનાં માધ્યમથી નિમણુંકો
- પસંદ કરાયેલ ઉમેદવારોને પ્રશિક્ષણ માટે આઈ-ગોટ કર્મયોગી પોર્ટલ પર ૧૪૦૦થી વધુ પાઠયક્રમ તથા ''કર્મયોગી પ્રારંભ'' મોડયુલ ઉપલબ્ધ

CBC 08301/13/0003/2425

DD NEWS ડીડી ન્યુઝ પર કાર્યક્રમનું સીધું પ્રસારણ નિહાળો

પ્રશિક્ષણ સંબંધી વધુ જાણકારી માટે કર્મયોગી મોડયુલ વેબસાઈટ http://igotkarmayogi.gov.in/પર જાઓ અથવા QR કોડ ને સ્કૈન કરો



તહેવારોના શુભ દિવસો હોય... કે સગાઈ-લગ્ન પ્રસંગ હોય... સોનાના સરસ મજાના હોલમાર્કવાળા દાગીનાની ખરીદી તો જયભવાની જવેલર્સ માંથી જ...

ભારત સરકાર માન્ય ૧૦૦% બીઆઈએસ ૯૧૬ હોલમાર્કવાળા

એકસકલુઝીવ દાગીના ખરીદવા માટે જૂનાગઢનો વિશ્વાસ પાત્ર A/c શો-રૂમ

શુધ્ધ સોના ચાંદીના ૧ ગ્રામથી લઈ ૧૦૦ ગ્રામ સુધીની લગડી સિક્કા મુર્તી તેમજ વાસણો મળશે.

જયાં વિશ્વાસની પરંપરા હંમેશા Since 1945

અમારા શો-રૂમની એક જ મૂલાકાતે આપ અમારા કાયમી ગ્રાહક બની જશો...

જયભવાની જવેલર્સ

ચોકસી હીરાલાલ મકનજી

અભયભાઈ મો. ૯૮૨૫૦ ૭૨૫૧૭
કિશનભાઈ મો. ૭૫૬૭૧ ૩૬૬૪૬

ચોકસી બજાર, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૩૯૩૨



શુભ ધન તેરસ

સોના-ચાંદીની જવેલરી ખરીદી માટેનું ઉત્તમ સ્થળ

SHREENATHJI JEWELLERS

Junagadh Branch : 20, Amba Arcade, Uco Bank Street, M.G. Road, Junagadh. Ph. 0285 - 2625252
Bilkha Branch : Main Bazar, Bilkha. Ph : 0285 2683252
Mo. + 91 99251 65556, +91 98254 09581



ડો. રિતેશ એન. ચૌહાણ
B.D.S. (ડેન્ટલ સર્જન)
REG No. A-4171
M. 97127 30451

સ્મિત ડેન્ટલ કેર

૨૦૮, બીજો માળ, રાયજી નગર શોપીંગ સેન્ટર, ઓરીએન્ટલ બેંક ઉપર, મોતીબાગ, જૂનાગઢ.
સમય : સવારે ૯-૩૦ થી ૧-૦૦ સાંજે ૪-૩૦ થી ૮-૩૦

સોમ-બુધ-શુક્ર : જૂનાગઢ • મંગળ - ગુરૂ - શનિ : ભેસાણ



દિપાવલીની હાર્દિક શુભેચ્છા..

પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિત્સા

ડો. વિપુલ મહેતા
એમ.ડી.(આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત
શ્રેયસ આયુર્વેદ કલીનીક

૧૨૩ /૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧ સાંજે ૫ થી ૮



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



દિવાળીનાં તહેવાર નિમિતે

સતત ૩૫ વર્ષથી આપની સેવામાં

જલારામ ફરસાણ & ડેરીફાર્મ

દિપકભાઈ રૂપારેલીયા
૯૯૨૫૩ ૯૯૨૫૫
૯૪૨૭૭ ૪૧૪૨૪

પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા
એમ. જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે, જૂનાગઢ.

| | |
|---|---|
| ડ્રાઈફ્રુટ ધારી | – રૂા.૩૨૦ |
| ડ્રાઈફ્રુટ ઘુઘરા | – રૂા. ૩૨૦ |
| પૌવા ચેવડો | – રૂા. ૧૮૦ |
| સ્પે. ચવાણું | – રૂા. ૧૮૦ |
| પંચરત્ન ચેવડો | – રૂા. ૨૦૦ |
| ઘઉંનાં પૌવાનો ચેવડો | – રૂા. ૨૦૦ |

તથા દૂધની ફ્રેન્સી મીઠાઈ મળશે

